# સહજ-સત્સંગ

Year : 1 Issue : 9 Dt. 1-10-2013 Page - 52 માસિક



## પંચમ સપ્તર્ષિ : ગૌતમ



# મા મીરાંબિકા

My Lord, every day, in all circumstances,
let me repeat with the full sincerity of my heart.
"May thy will be done and not mine" -- The Mother

## પ્રભુ તારી ઈચ્છા

ભાવાનુવાદ

પરમ પ્રભુ તું સ્વીકારજે, મમ પ્રાર્થના હર દિન, હર ઘડી,
હર સંજોગો ને હર ઘટના મહિ, તારી ઈચ્છા બનો પ્રબળ અતિ.
મારી ન કોઈ કામના કે, માગણી વિક્ષેપ કરે,
બસ, તારી જ ઈચ્છા સર્વમાં, એકહથ્થુ સ્વામી બને.

- **શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## પ્રભુના સમ્રાટ-પદનું રહસ્ય

(તા.૦૫.૧૦.૧૯૧૪ - પૃ.૧૮૮-૧૮૯)



**હે દિવ્યગુરો ! તારા ધ્યાનની શાંત નીરવતામાં પ્રકૃતિને શક્તિ મળે છે. અને તે ફરી મજબૂત બને છે. વ્યક્તિત્વના સિદ્ધાંતની પાર જઈ તે, તે તારી અનંતતામાં ડૂબેલી છે. તારી અનંતતા જ..... અવ્યવસ્થિતતા ઊભી થવા દીધા વિના દરેક ક્ષેત્રમાં એકતા સિદ્ધ થવા દે છે. જે ટકી રહ્યું છે તે, પ્રગતિ કરી રહ્યું છે તે, અનંત સ્વરૂપે રહેલ છે તે એ બધાંની સંકુલ, વિસ્તરીત, વધુ ભવ્ય સમતોલપણામાં પરિણમે છે અને જીવનની આ ત્રણ સ્થિતિના એકબીજાના આદાનપ્રદાનથી તારો આવિર્ભાવ વધુ સમૃદ્ધ બને છે.**

**હું ઈચ્છું છું કે દુઃખી અને સંશયગ્રસ્ત લોકોને તારી પાસે લઈ આવનાર સંયોગકાર હું બનું. જેથી તેમને તારો પ્રકાશ પ્રકાશિત કરે..... હું પોતે તારા કાર્ય માટે એક આધારનું બિંદુમાત્ર બની રહું. તારી ચેતના માટે એક કેન્દ્ર બની રહું. પેલા વિઘ્નો કયાં ભાગી ગયા ? તારા રાજ્યનો તું એકચક્રી સમ્રાટ બની ગયો.**

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુના સમ્રાટ-પદનું રહસ્ય) | ૩ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ |
| **દિવ્યજીવન** (વ્યક્તિની મહત્તા) | ૯ |
| **માતૃવાણી** (વિચાર : એક જીવંત હસ્તિ) | ૧૪ |
| **સાવિત્રી** (પ્રભુનો દિવ્ય-હસ્તક્ષેપ) | ૧૮ |
| **યોગ વિષે પત્રો** (ચેતનાનાં વિવિધ સ્તરો) | ૨૧ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (ગીતા અને શ્રી અરવિન્દનો સંદેશ) | ૨૪ |
| **ઉપનિષદો** (જ્ઞાન અને અજ્ઞાન) | ૨૮ |
| **વેદ-રહસ્ય** (ઉષાનું સ્વરૂપ ) | ૩૧ |
| **જાતક કથાઓ** (પરસેવાની મહામૂલી મૂડી) | ૩૩ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (પોતાની જાતની છેતરામણીમાંથી મુક્તિ) | ૩૫ |
| **સાંજના વાર્તાલાપો** (બહાઈ ધર્મનું સ્વરૂપ) | ૩૬ |
| **યોગ પર દીપ્તિઓ** (એકોહમ્ બહુશ્યામ્) | ૩૮ |
| **વેદવિજ્ઞાન** (વૈદિક દેવતા - સૂર્ય (આદિત્યાઃ) | ૪૧ |
| **યોગનાં મૂળતત્ત્વો** (સાચદિલી) | ૪૪ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (પ્રભુનો પ્રેમ (૫૦) | ૪૭ |
| **ભક્ત** | ૪૮ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૯ વર્ષ : ૧**
**ઓકટોબર - ૨૦૧૩**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# પ્રભુના સમ્રાટ-પદનું રહસ્ય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુનું કાર્ય કરવાની શક્તિઓનો ઉર્જા સ્ત્રોત ધ્યાનની શાંત નીરવતા છે. તે નીરવતામાં જ સાધકની પ્રકૃતિ વિશ્વશક્તિઓ દ્વારા પોષણ મેળવે છે અને પ્રકૃતિને સમર્થ પ્રફુલ્લિત બનાવી દે છે.

સાધકની પ્રકૃતિ ત્યારે સાધકની વ્યક્તિગત સ્વતંત્ર, અલાયદા પ્રકૃતિ રહેતી નથી પણ અનંત વિશ્વપ્રકૃતિનો એક ભાગ અને અંશ બની જાય છે.

આવી પ્રકૃતિ અનંતતા અંધાધૂંધી કે અવ્યવસ્થા સર્જતી નથી, જીવનના દરેક ક્ષેત્રને એકબીજા સાથે સંવાદીરીતે જોડી દે છે.

વિશ્વપ્રકૃતિના ત્રણ ભાગ પડે છે. પ્રથમ, જે વિકાસ પામતો નથી અચેતનમાં ડૂબેલો છે અને યથાવત્ રહેલ છે. બીજો, જે વિકાસ સાધીને બદલાઈ રહ્યો છે તે. ત્રીજો જે સનાતન સ્વરૂપે દિવ્ય તત્વો રહેલાં છે તે.

આ ત્રણેની સંવાદિતા વધુ સંકુલ, સર્વને વ્યાપી લેતી, વધું વિશાળતા વાળા વધુ પૂર્ણ અને ભવ્ય સમતુલામાં પરિણમે છે. આ ત્રણે વિભાગો વચ્ચે આદાન પ્રદાન થાય જ છે.

આવી રીતે સમગ્રની સંકુલ, વિશાળ અને સંતુલિત સંવાદિતાને લીધે પ્રભુનો આવિર્ભાવ વધુ સમૃદ્ધ બને છે.

પ્રભુ, જગતમાં દુઃખી અને સંશયગ્રસ્ત લોકો હોય છે. તેમને સમજાવીને તમારા ચરણે લઈ આવનાર એક સંયોજક હું બની રહું. આ સંયોજનથી તારો પ્રકાશ તેઓમાં દાખલ થઈ કામ કરતો થશે.

પ્રભુ તારા કાર્યનો હું એક આધાર બિન્દુ બની રહું. એક કેન્દ્ર બની રહું. તું જ મારી મારફત કાર્ય કર. આમ કરવાથી પેલ સાધનામાંના વિઘ્નો અને મુશ્કેલીઓ પોતાની મેળે ઓગળી જશે અને સમસ્ત પ્રકૃતિનો, પ્રભુ, તું એક સમ્રાટ બની રહીશ.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

આપણે સહુ ઈચ્છીએ છીએ, એવું સુંદર જીવન કે જેમાં સુખદુઃખની ભરતીઓટના મોજાઓ નહીં પણ નિર્ભેળ આનંદ જ હોય. એવું જીવન કે જેમાં નર્યો પ્રેમ જ હોય, પણ એમાં ધિક્કાર કે દ્વેષની સૂક્ષ્મ છાયા પણ રહેલી ન હોય. એવું જીવન કે જે સતત પ્રગતિશીલ હોય, અને આત્માના આનંદ માટે કાર્ય કરતા હોય. જ્યાં જીવન પોતે જ આત્માના આનંદની અભિવ્યક્તિ રૂપ હોય અને એ જીવનની ગતિ અત્યારની જે ગતિ છે, તે અજ્ઞાન તથા અંધકારમાંથી પ્રકાશ તરફની નહીં, પણ પ્રકાશથી પ્રકાશ પ્રત્યેની હોય, જે જીવન અમરત્વની અનુભૂતિમાં જ રમમાણ હોય, એટલે કે જે જીવનમાં મૃત્યુની લટકતી તલવાર ન હોય પણ સ્થૂલ દ્રવ્યનું પોતાની જાતે જ આનંદપૂર્વકનું વિસર્જન હોય! જે જીવનમાં મનની શુદ્રતા નહીં, પણ આત્માનું ઔદાર્ય હોય, મનનું અજ્ઞાન નહીં, પણ આત્માના પ્રકાશથી મન પ્રકાશિત હોય, જ્યાં પ્રાણની ભૂખો ને લાલસાઓ ન હોય, પણ પરમાત્માના દિવ્ય કાર્યો માટે સમર્પિત થયેલી પ્રાણશક્તિ હોય, અને જન્મ, જરા વ્યાધિ અને મૃત્યુને આધીન એવું શરીર ન હોય, પણ દિવ્ય, તેજોમય, નમનીય, હળવું એવું પરમાત્માની દિવ્ય ચેતનાને સીધું ધારણ કરતું શરીર હોય, આવું જીવન, આપણે ઈચ્છીએ પણ શું એ શક્ય છે?

હા, હવે શક્ય છે, અત્યાર સુધી જે અશક્ય ગણાતું હતું એ દિવ્ય જીવન, એ પરમાત્માની દિવ્ય શક્તિથી સંચારિત થતું જીવન હવે શક્ય બનશે. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની પ્રખર સાધના દ્વારા એ જીવનની શક્યતા હવે સિદ્ધ થઈ ગઈ છે. તેઓએ આ યુગમાં ૪૦ વર્ષ સુધી તપશ્ચર્યા કરીને પરમાત્મા પાસેથી સમગ્ર માનવજાતિના દિવ્ય જીવનનું વરદાન મેળવી આપ્યું છે. એ વરદાન શું છે? દિવ્ય

જીવન શું છે ? એ કેવી રીતે પ્રાપ્ત થશે, શ્રી અરવિન્દે કરેલી સાધના શું છે ? આ બધા પ્રશ્નોના ઉત્તરમાં જ શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન આવી જાય છે. તો હવે આપણે આ વિશે જોઈશું.

**શ્રી અરવિન્દનો સાધના પથ :**

આપણે જાણીએ છીએ કે શ્રી અરવિન્દના પિતા ડૉ.કૃષ્ણધન ઘોષે એ જમાનામાં ઍડિનબરો જઈને સિવિલસર્જનની પદવી પ્રાપ્ત કરી હતી. તેમણે અંગ્રેજોની જીવનશૈલી પૂરેપૂરી અપનાવી લીધી હતી. પોતાના ત્રણેય પુત્રોને તેમણે ઈંગ્લેન્ડમાં પાદરીને ત્યાં એટલા માટે ભણવા મૂક્યા હતા કે તેઓ પણ પૂરેપૂરા અંગ્રેજ જેવા બને. આમ શ્રી અરવિન્દ સાત જ વર્ષની વયે ઈંગ્લેન્ડ ગયા અને ચૌદ વર્ષ સુધી ત્યાં રહીને તેમણે અભ્યાસ કર્યો. કોલેજની ત્રણ વર્ષની બી.એ.ની પદવી માટેની પરીક્ષા બે વર્ષમાં જ પાસ કરી અને આઈ.સી.એસ.ની લેખિત પરીક્ષામાં પણ તેઓ ઉચ્ચ ગુણાંકે પાસ થયા. પણ બ્રિટિશ સરકારની ગુલામી જેવી કલેકટરની નોકરી તેમને નહોતી કરવી. એટલે આઈ.સી.એસ. માટેની ઘોડેસવારીની પરીક્ષા તેમણે ન આપી. દરમિયાન વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની લંડનમાં જ મુલાકાત થતા મહારાજાએ તેમને વડોદરા રાજ્યના અધિકારી તરીકે નિમણૂક આપી દીધી. વડોદરામાં તેઓ લગભગ સાડા ચૌદ વર્ષ સુધી રહ્યા. મહારાજાના અંગત સચિવ તરીકે, કોલેજમાં ફ્રેન્ચના પ્રોફેસર અને કાર્યકારી પ્રિન્સિપાલ તરીકે તેમણે સેવા આપી. આ દરમિયાન ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ તેમણે પરદા પાછળ રહીને કાર્ય કર્યું અને સાથે સાથે ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટેની સાધનાનો આરંભ પણ કર્યો.

ભારતમાતાને મુક્ત કરવા બંગાળના નવ યુવાનોને તૈયાર કરવા માટે અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં સંપૂર્ણ પણે કાર્યરત બનવા માટે વડોદરાની નોકરી છોડીને શ્રી અરવિન્દ કલકત્તા આવ્યા અને તે સમયના સ્વાતંત્ર્ય સંગ્રામના ઉદ્દામવાદી નેતાઓ લોકમાન્ય તિલક, બિપિનચંદ્ર પાલ અને લાલા લજપતરાય સાથે જોડાઈ ગયા. તેમણે પૂર્ણ સ્વરાજ્યથી ઓછું કંઈ જ જોઈતું નથી, એ જેહાદ જગાવી. શ્રી અરવિન્દના આગઝરતા શબ્દો દ્વારા જનમત જાગૃત થવા લાગ્યો. વંદેમાતરમ્

નામનું દૈનિક બિપિનચંદ્ર પાલ સાથે તેમણે શરૂ કર્યું. તેના તંત્રી લેખો દ્વારા બ્રિટિશ સરકારના અત્યાચારો પ્રગટ થવા લાગ્યા અને બ્રિટિશ સરકાર શ્રી અરવિન્દના લખાણોથી ફફડી ઊઠી.

જ્યારે મુઝફરપુરમાં બોંબને લઈને બે ગોરી મહિલાઓની હત્યા થઈ ત્યારે સરકારે બધા ક્રાન્તિકારીઓને શોધી શોધીને જેલ ભેગા કરી દીધા. શ્રી અરવિન્દને તો આ હત્યાકાંડના મુખ્ય સૂત્રધાર તરીકે માનીને સરકારે અલીપુરની એકાંત કોટડીમાં પૂરી દીધા. શ્રી અરવિન્દ માટે જેલ યોગાશ્રમ બની ગઈ. જેલની એકાંત કોટડીમાં તેમનું ગહન ધ્યાન થવા લાગ્યું. ઉપનિષદ અને ગીતાના મંત્રોનું રટણ કરતાં કરતાં એમને 'વાસુદેવમ્ સર્વમિતિ'નો સાક્ષાત્કાર થયો. અને સર્વ સ્થળે તેમને ભગવાન વાસુદેવના દર્શન થવા લાગ્યાં. આ સાક્ષાત્કાર પછી તો એમની દૃષ્ટિ જ બદલાઈ ગઈ. બરાબર એક વરસે તેઓ જેલમાંથી નિર્દોષ છૂટી ગયા. પણ હવે તેઓ પહેલાંના શ્રી અરવિન્દ રહ્યા નહોતા. પરમાત્માનો સાક્ષાત્કાર પામી ચૂકેલા યોગીપુરુષ બની ગયા હતા.

જ્યારે સરકાર તેમની ફરી ધરપકડ કરવાનું નક્કી કર્યું, ત્યારે તેઓ અંતરમાં રહેલા પરમાત્માના આદેશથી બ્રિટિશ ઈન્ડિયા છોડીને પ્રથમ ચંદ્રનગર અને પછી પોંડિચેરી ગયા તે ગયા જ. ત્યાં ચાળીસ વર્ષ સુધી સાધના કરીને સમગ્ર માનવજાતિને દુઃખમાંથી મુક્ત કરવાનો માર્ગ મેળવ્યો. તેમની આ સાધનામાં ૧૯૧૪માં શ્રી માતાજી પેરિસથી આવીને જોડાયા. ૧૯૨૦થી શ્રી માતાજી શ્રી અરવિન્દ આશ્રમમાં સ્થાયી રહેવા આવી ગયાં અને ત્યાર પછી શ્રી અરવિન્દ આશ્રમ વ્યવસ્થિત રૂપે સર્જાયો. ૧૯૨૬ થી શ્રી માતાજીએ સર્વ સાધકોની બાહ્ય જવાબદારી અને આશ્રમનું સઘળું સંચાલન પોતાના હસ્તક લીધું અને શ્રી અરવિન્દ અતિમનસ ચેતનાના અવતરણની સાધના માટે સંપૂર્ણ એકાંતમાં ચાલ્યા ગયા. તેઓ વરસમાં ચાર દિવસોએ જ દર્શન આપતા હતા. તે સિવાય કોઈને ય મળતા ન હતા. ૧૯૫૦માં ૫ મી ડિસેમ્બરે શ્રી અરવિન્દે જ્યારે દેહ છોડ્યો ત્યારે અતિમનસ પ્રકાશ એ દેહમાં ચાર દિવસ સુધી રહ્યો હતો. એ પછી જ એમના દેહને સમાધિ આપવામાં આવી હતી.

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## વ્યક્તિની મહત્તા

પ્રકરણ - ૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

અજ્ઞેય, નિરાકાર, સર્વવ્યાપી ચેતનાના પાયા ઉપર આપણે દિવ્ય જીવનનું ઘડતર શરૂ કરવાનું છે. આ પરમ સત્ય કોઈ પણ તેના આવિર્ભાવ મારફત સર્વાંગપૂર્ણ રીતે આવિર્ભાવ પામવું કે પ્રકટ થવું શક્ય નથી. તેથી વૈદિક કાળના ઋષિઓએ ક્યારે પણ પોતાના અનુભવોને બૌદ્ધિક રીતે સમજવાનો પ્રયત્ન કર્યો નથી પણ હૃદયથી પ્રયત્ન કર્યો છે. હૃદયને સમજવા માટે વ્યાખ્યાની જરૂર પડતી નથી. તે મૂક રહેવા છતાં ઘણી વસ્તુ અનુભવી શકે છે, જાણી શકે છે. ત્યાં શબ્દાતીત અનુભવો પણ સમજાય છે. તેથી વૈદિક ઋષિઓ વ્યાખ્યા કરવાની માથાકૂટમાં પડ્યાં નથી.

પરમ-ચેતના જો આ જગતમાં પોતાને વધારે ને વધારે પૂર્ણ અને શુદ્ધ સ્વરૂપનો આવિર્ભાવ કરવા મથી રહી છે અને જો માનવ આ જગતનો જ એક અંશ અને હિસ્સો છે તો માનવ જીવનનો હેતુ પણ પરમ-ચેતનાનો આવિર્ભાવ કરવો એ જ હોવો જોઈએ. આ રીતે પરમ-ચેતના પોતે જીવન દ્વારા જ્યારે આવિર્ભાવ પામે છે, ત્યારે આ જીવનમાં વિવિધ મૂલ્યો સર્જે છે અને તે મૂલ્યોને વાસ્તવિક કરવા એ જ જીવનનો હેતુ બની જાય છે. માનવી જીવનની શરૂઆત એક પશુતુલ્ય જીવનથી થઈ છે. પણ તેણે અંતે તો પરમ-ચેતનાને પોતામાં ધારણ કરીને તેને પ્રકટ કરવાની છે. આ ધારણ કરવાની પ્રવૃત્તિ એ જ તેના જીવનનો હેતુ અને ર્મ બની જાય છે. 'ધારણાત્ ધર્મ ઈત્યાહુ' આ ભીષ્મ પિતામહે આપેલી

ધર્મની યાખ્યાનો આ ગહન અર્થ છે. પરમ ચેતનાને ધારણ કરવી અને તેનો આવિર્ભાવ કરવો એ જ માનવી જીવનનો મર્મ છે. તે જ તેનો સ્વભાવ છે. અને આ હેતુ તાત્કાલિક કે પ્રાસંગિક નથી પણ કાયમી સ્વરૂપનો છે. તેથી જ તેને સનાતન ધર્મ કહેવામાં આવ્યો છે. માનવી જીવનનો કાયમી હેતુ આ પરમ-ચેતનાનો આવિર્ભાવ કરવો એ જ છે.

પરમ-ચેતનાનો આવિર્ભાવ ત્રણ કક્ષાએ થતો હોય છે. વ્યક્તિગત કક્ષા અર્થાત્ વ્યષ્ટિ સ્વરૂપે. વૈશ્વિક કક્ષા અર્થાત્ સમષ્ટિ સ્વરૂપે અને આ બંનેથી પર એવી વિશ્વાતીત સ્વરૂપે. આ ત્રીજી કક્ષાને આપણે પ્રભુ તરીકે ગણીએ છીએ. સામાન્ય માનવ તેને પોતાથી અને વિશ્વથી જુદો હોઈને આ બંનેનો નિર્માતા છે એમ માને છે. તે પ્રભુએ જ આ જગત અને માનવને નિર્માણ કરેલ છે. પણ પોતે તેમનાથી પર છે. આ ભેદને કારણે જ વ્યષ્ટિ અને સમષ્ટિ કક્ષાએ વિકૃતિઓ નિર્માણ થઈ છે. દૈવી જીવનમાં આ પ્રકારની આ ત્રણ કક્ષાઓનો સ્વીકાર થાય છે. પણ ત્રણે વચ્ચેનો તફાવત તેને સ્વીકાર્ય નથી. માનવ પોતે વિશ્વનો અંશ છે અને વિશ્વ વિશ્વાતીતનો અંશ છે. અંશ અને અંશી બંનેની કક્ષા જુદી હોઈ શકે પણ તેઓ મૂળભૂત રીતે તો એક જ હોય છે. અહિં પણ પરમાત્મા વિશ્વ અને વ્યક્તિ મારફત પ્રકટ થઈ રહ્યાં છે. અને આ બંને કક્ષાના આવિર્ભાવો તેમનાથી અલગ નથી, એવી ધારણા સાથે જ દિવ્ય જીવનની શરૂઆત થતી હોય છે. વ્યક્તિ જ્યારે પોતાને વિશ્વાતીતનો જ એક અંશ તરીકે સમજે છે, અને અનુભવે છે ત્યારે તેની મારફત તે વિશ્વાતીત પ્રભુ વધારે સારી રીતે કાર્ય કરી શકે છે. તેથી જગતનાં ઉત્ક્રાંતિમાં તેમજ વ્યક્તિગત વિકાસમાં પણ આવી જ્ઞાનમય ભૂમિકા વ્યક્તિએ ધારણ કરવી બહુ જ જરૂરી છે. આ જ્ઞાનમય ભૂમિકાથી આપણો ફત દૃટિકોણ બદલાય છે. બાકી બધી વાસ્તવિકતાઓ તો યથાવત્ રહેતી હોય છે. પણ આ દૃષ્ટિમાં થતો બદલ અંતે સૃષ્ટિમાં પણ બદલ લાવે છે. અને તેનો પરિણામ વિશ્વાતીત ચેતનાની આવિર્ભાવ પ્રક્રિયા ઉપર પણ પડે છે. એકાત્મવાદમાં વ્યક્તિ પરમ-ચેતના સ્વરૂપ જ છે. તેને અનુભવાતો પરમ-ચેતના સાથેનો ભેદ એ તેની ગેરસમજ છે, અજ્ઞાન છે. આ ગેરસમજને દૂર કરવી એ જ મુક્તિ છે. એ જ મોક્ષ

છે. આ મોક્ષથી ખરો ફાયદો કોને થાય છે ? વિશ્વાતીત ચેતના તો, પરમ પ્રભુ તો, કાયમી સ્વરૂપે મુક્ત જ છે તેમને તેથી કોઈ ફાયદો કે તફાવત પડતો નથી. વિશ્વ, આવા સાધકની મુક્તિથી, પોતે તો મુક્તિ મેળવતું નથી. તે હજી પણ બંધન અને અજ્ઞાનમાં સબડતું રહે છે. ફાયદો થાય છે ફક્ત વ્યક્તિને. આનો અર્થ એ કે વ્યક્તિ જગત અને વિશ્વાતીતનો અંશ હોવા છતાં તેનું પોતાનું એક આગવું અસ્તિત્વ છે. તેનું પોતાનું વિશિષ્ટ મહત્ત્વ છે.

પણ વ્યક્તિ પોતાની વ્યક્તિગત સ્વરૂપની મુક્તિને જ પ્રાધાન્ય આપે તો તે ફરી અહંકારમાં સરી જતો લાગે છે. તે પણ એક રીતે સ્વાર્થીપણું છે. પોતે જો પરમ-ચેતના હોય અને બધી જ વ્યક્તિઓ જો પરમ-ચેતનાના જ સ્વરૂપો હોય તો તેમાંનું એક સ્વરૂપ મુક્તિ પામે અને અન્ય બંધનમાં રહે તેનો કોઈ અર્થ નથી. સાચી મુક્તિ ત્યારે જ ગણાય જ્યારે પરમ-ચેતનાનાં બધાં જ સ્વરૂપો મોક્ષ પામે. મોક્ષ પામ્યા વગરનું એકે સ્વરૂપ ન રહે. જ્યાં સુધી આ ઘટના બની નથી ત્યાં સુધી વ્યક્તિગત મોક્ષ એ એક વચગાળાની સિદ્ધિ બની રહે છે, અંતિમ નહિં.

તેથી દિવ્ય-જીવનનો સાધક વ્યક્તિગત મુક્તિને માન્ય રાખે છે પણ તે તેના જીવનનો અંતિમ હેતુ ગણતો નથી. તેના જીવનનું અંતિમ ધ્યેય કે લક્ષ્ય ગણતો નથી. તે એમ માને છે કે વ્યક્તિગત મુક્તિથી તેની મારફત પરમ-ચેતના વધારે સારી રીતે કાર્ય કરી શકે છે અને તેથી તે એક જરૂરી વસ્તુ છે. પરમ પ્રભુનો સંકલ્પ સાધ્ય કરવો એ જ તેના જીવનનોહેતુ છે, નહિં કે વ્યક્તિગત મોક્ષ. તે વ્યક્તિગત મોક્ષ મળવા છતાં વૈશ્વિક કક્ષાએ અન્યને પણ મોક્ષ મેળવવા સક્રિય બને છે. તે માટે તે પરમ-ચેતનાના કાર્યનો અને સંકલ્પનો વાહક બને છે. તેમનું માધ્યમ બને છે. તેનું સાધન બને છે. તેનો દિવ્યયોદ્ધા બને છે. તેનો દિવ્ય બાળક બનીને રહે છે. આ રીતે પૂર્ણયોગનો સાધક જ્યાં પરંપરાગત યોગો પૂર્ણ થાય છે, ત્યાં વ્યક્તિગત મોક્ષ મેળવતા જ વિરામ પામતો નથી, પણ પરમ-ચેતનાનો સંકલ્પ સાધવા તેનું માધ્યમ બનીને કાર્ય રત બનતો હોય છે.

વિશ્વાતીત ચેતનાએ જ વિશ્વ અને વ્યક્તિનું સ્વરૂપ ધારણ કરેલ છે. તેથી આ ત્રણે કક્ષાઓમાં એક ગુપ્ત એકતા રહેલી છે. પણ પરમ-ચેતનાના

આવિર્ભાવની પ્રક્રિયામાં આ એકતા જે વિશ્વાતીત ચેતનામાં પૂર્ણરૂપે પ્રકટ અને સભાન રીતની હોય છે. તે ધીમે ધીમે પાર્શ્વભૂમિમાં જતી જાય છે. આ પ્રક્રિયા તે માટે કરવામાં આવે છે કે જેથી જગતમાં વિવિધતા નિર્માણ કરવામાં આવે. જગતની વિવિધતા આ રીતે ગુપ્ત એકતાના આધારે ઉભી હોય છે. પણ તેમ છતાં આ ગુપ્ત એકતા જાણતા અજાણતા આંશિક રીતે પ્રકટ તો થતી જ હોય છે. આ એકતાનો આવિર્ભાવ ત્રણ કક્ષાએથી થાય છે. પ્રથમ તે અવચેતન દ્વારા પ્રકટ થાય છે. તે બાદ ચેતન દ્વારા થાય છે અને અંતે પરા-ચેતના દ્વારા થાય છે. આ ત્રણ કક્ષાને જ આપણે Subconscient, Conscient અને Super conscient તરીકે વર્ણવીએ છીએ. અવચેતનની કક્ષાએ પાર્થિવ તત્ત્વનાં બધા જ આકારો સમાન પાર્થિવ ગુણધર્મ પ્રકાટ કરતાં હોય છે. એ એકતાનું અજાણતા થયેલું પ્રકટીકરણ છે. અવચેતન કક્ષાએ સમાન ગુણધર્મો હોય છે. પોતાની properties હોય છે. આ ગુણધર્મની સમાનતા એ તેની અવચેતનસ્તરની એકતાનું જ પરિણામ છે. જ્યારે પ્રાણી અથવા માનવ તરીકે વ્યક્તિ સભાન બને છે. ત્યારે તેઓ માનસિક આદર્શો સ્થાપી તે એકતાને પ્રકટ કરે છે. બધા ભારતીય એક છે. પૃથ્વીવાસી બધા એક છે. દરેક કુટુંબની ગામની, રાષ્ટ્રની અને સૂર્યકુળની એકતા આ રીતે સભાન રીતે પ્રકટ થવા મથતી હોય છે.

પરંતુ આ બધી એકતાઓ અંતે તો પોતપોતાની કક્ષાની હોય છે. આવી એકતા ધરાવતા અનેક એકમો હોય છે. તેથી આવી એકતા એ મૂળભૂત એકતાનાં આંશિક આવિર્ભાવો જ બની જાય છે.

જ્યારે પરા-ચેતના મારફત એકતા પ્રકટ થતી હોય છે. ત્યારે તે અખંડ અને સર્વાંગપૂર્ણ એકતા પ્રકટ થતી હોય છે. તે અવચેતન મારફત પ્રકટ થતી એકતાની જેમ અજ્ઞાન ઉપર આધારીત હોતી નથી. તેમજ ચેતન કક્ષાએ પ્રકટ થતી એકતાની જેમ માનસિક આદર્શો ઉપર આધારિત હોતી નથી પણ 'પ્રજ્ઞાન' ઉપર આધારીત હોય છે. પ્રજ્ઞાન એટલે અનુભવસિદ્ધ જ્ઞાન. ફક્ત શાબ્દિક નહિ. ફક્ત વિવરણાત્મક નહિ પણ વાસ્તવિક જ્ઞાન. પરમ-ચેતનામાં સ્થિર થતાં જ આવું જ્ઞાન પ્રકટ થાય છે. તેથી જ વેદો ''પ્રજ્ઞાનં બ્રહ્મ'' એવું જણાવે છે. આવી

એકતામાં વિવિધતા પણ હોય છે પણ તે એકતાને ખંડિત કરતી નથી. તેથી ઉલટું વિવિધતા એકતાના જ અનંત પાસાઓને પ્રકટ કરવામાં મદદરૂપ થતી હોય છે. વિવિધતા એ એકતાની વધારે સમૃદ્ધતા દર્શાવે છે. એ એકતા એવી મૂળભૂત હોય છે કે તેમાં વિવિધતા ભંગ પાડી શકતી નથી.

આ આખી પ્રભુના સંકલ્પને પ્રકટ કરતી પ્રક્રિયા અંતે તો વ્યક્તિ મારફત જ શરૂ થતી હોય છે અને આ પ્રક્રિયાની શરૂઆત વ્યક્તિના મોક્ષથી થાય છે. તેથી વ્યક્તિની મોક્ષ પ્રાપ્તિ આ સમગ્ર પ્રક્રિયાનું આરંભ બિન્દુ બની જાય છે. આ પ્રક્રિયા મોક્ષ પહેલા થતી હતી પણ અભાન રીતે. મોક્ષ બાદ તે સભાન રીતે થાય છે. તેથી આ સભાન પ્રક્રિયાનું આરંભ બિન્દુ બની જાય છે. વ્યક્તિ આ પ્રક્રિયાનું પ્રથમ સભાન માધ્યમ અને કરણ છે. આ પ્રક્રિયા તે બાદ ક્ષિતિજ સમકક્ષ અને ઉર્ધ્વસમકક્ષ રીતે ફેલાય છે. મુક્ત માનવ અન્ય સાધકને માર્ગદર્શન આપી તેને પણ મોક્ષ પ્રત્યે લઈ જાય છે. આ ક્ષિતિજસમકક્ષ ફેલાવો ગણાય જ્યારે આ મુક્ત માનવ માનવથી પણ ઉર્ધ્વકક્ષાના દૈવી સ્વરૂપોનું સહકાર્ય મેળવી આ પ્રક્રિયાને ઉર્ધ્વસ્તરોમાં પણ સક્રિય કરે છે. ત્યારે તે ઉર્ધ્વસમકક્ષ ફેલાવો કહી શકાય. વધારે સ્પષ્ટ કહેવું હોય તો વ્યક્તિ કક્ષાની એકતાનો અનુભવ વૈશ્વિક કક્ષાએ અને તે બાદ વિશ્વાતીત કક્ષાએ પણ જ્યારે વ્યક્તિ અનુભવે છે ત્યારે તે એકતા વધારે સર્વાંગપૂર્ણ બનતી જાય છે. આ પ્રકારની એકતા વધારે સત્ય અને વધારે વાસ્તવિક હોય છે. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૨૦ ઉપરથી)

## સાવિત્રી

નથી. અંતે, આ પરિણામ અમરતાનો સભાન ભાવસ્વરૂપે, પરિણામોનાં શિરોમણીરૂપે સ્થાયી થાય છે.(conscious Immortality)

અરે, પ્રભુએ આ જ આશ્વાસન તો ગીતામાં જીવન-સંઘર્ષ કરતા આપણને આપેલ છે (યોગક્ષેમં વહામ્યહમ્-ગીતા) પણ આ તો વાણી દ્વારા એ વખતે અપાયું. ખરેખર તો આ આશ્વાસન જ્યારે પ્રથમ માનવે જીવન-સંઘર્ષ ખેડ્યો અને હિંમતથી મૃત્યુની સામે હસતા હસતા ગયો હશે ત્યારે જ પ્રભુએ અંતરના આશીર્વાદથી નિઃશબ્દ રીતે આપેલું છે.

## માતૃવાણી

- શ્રી માતાજી

### અવતરણો

# વિચાર : એક જીવંત હસ્તિ

(માતૃવાણી ભા.-૨, પૃ.૨૬૧-૨૭૬)

પ્રકરણ - ૩૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

વિચાર એક જીવંત, સ્વતંત્ર, સક્રિય-શક્તિ છે. આજના પ્રદૂષિત માનસિક વાતાવરણના દુષ્પરિણામથી બચવા આપણે એક શુદ્ધ, તેજોમય, અસીમ, નિરાકાર-ચેતનામાં રહેતા શીખવું પડશે. આ વસ્તુ એકદમ શક્ય નથી માટે આપણે જે માનસિક પ્રવૃત્તિ કરતા હોઈએ..... વાચન, શ્રવણ, મનન વગેરે તેમાંથી ઉમદામાં ઉમદા વિચારોને ઝીલી પોતાનો સ્વભાવ બનાવી આચરણમાં મૂકવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરતા રહેવું જોઇએ.

વિચારો પણ જીવંત-સત્તા હોવાથી તેઓ પણ પોતાને અનુરૂપ વિચારોને પોતાની તરફ ખેંચે છે. પ્રતિકૂળ વિચારોને આઘે ભગાડવાનો પ્રયત્ન કરતા હોય છે, તેથી ઉમદા વિચારો પ્રત્યેના વલણ જેવું આપણું વલણ હોવું જોઇએ. ઉમદા વિચારોને મિત્ર બનાવો, સન્માન આપો, નિમ્ન-વિચારોને જાકારો આપો.

વિચારોને પોતાનો બનાવવા તેને સમર્પિત થાઓ. પોતાને તેમની સેવામાં મૂકશો તો તરત તે વિચાર તમારામાં આવી સ્થિર થશે. તેના ઉપર પ્રેમ કરવાથી તે કાયમી થશે.

પ્રેમ શું છે ? પ્રેમ નિર્માણ કરવા માટે માનિસક સચ્ચાઇ જોઇએ. પોતાને છેતરવાનું નહિ એ જ માનસિક સચ્ચાઇ છે.

વિચાર-ગ્રહણશીલતા ટેવ ઉપર આધારિત છે. ટેવને અનુકૂળ વિચાર માટે આપણે વધુ ગ્રહણશીલ હોઇએ છીએ. ટેવ કેળવણી, સામાજિક-વાતાવરણનો

પ્રભાવ, પરંપરા, સૂચનોને લીધે પડે છે, તેથી વિચારથી બદલી શકાય છે. નવો વિચાર આપણામાં સ્વીકારેલી ગોઠવણમાં ધરખમ ફેરફાર લાવે છે. પૂર્વગ્રહો છૂટી જાય છે. વહેમો ભાગે છે.

વિચારો પોતાનો પ્રભાવ ધર્મ, વિદ્વાન લેખક, વિજ્ઞાન, આદરણીય વ્યક્તિ, ચમત્કારના આધારે વધારે પાડે છે, પણ વિચારનું પોતાનું મૂલ્ય હોય છે. આવા બાહ્યવસ્તુઓ કરતાં ગુહ્ય જગતના સ્રોતોમાંથી શક્તિ મેળવે છે તે વધુ પ્રભાવી હોય છે.

પ્રાચીનકાળમાં વિદ્યાર્થીને વિચારોનાં દુષ્પરિણામોથી બચાવવા જંગલમાં ગુરુકુળો રહેતા. સાધનામાં એકાંતની જરૂર પણ તે માટે જ છે.

જ્ઞાનની વાણીરૂપ વિચારો મેળવવા મન શાંત હોવું અત્યંત જરૂરી છે. સમર્થ જ્ઞાની મૌન અને એકાંતમાં રહેવું તે માટે જ પસંદ કરે છે.

જગતમાંની નાનામાં નાની વસ્તુ પણ તમને દિવ્ય-વિચાર આપી શકે છે. દા.ત. પુષ્પ. દત્તાત્રેયના ગુરુઓ આવી નાની વ્યક્તિઓ હતી. આપણે પોતે વિશ્વના અંશ હોવાથી વિશ્વની કોઈપણ વસ્તુ આપણને વિચાર દ્વારા જ્ઞાન આપી શકે છે. આવું જ્ઞાન મેળવવાની ખાસ પદ્ધતિ છે. આંતરિક-એકાગ્રતાથી પોતાની અસીમ, પ્રકાશમય-ચેતનામાં સ્થિર થઈ જાઓ. તે સજાગતામાં જ તમને વિશ્વ-જ્ઞાન-બોધિજ્ઞાન આપશે. આપણે ફક્ત પોતાના ચિત્તનો અરીસો ચોખ્ખો કરવા જ ઉપર મુજબની ક્રિયા કરીએ છીએ. ગૌતમબુદ્ધને બોધિજ્ઞાન શું છે તે વિષે પૂછેલું. તેમણે જણાવેલું કે તે ચોખ્ખા, ચકચકિત, આરસા જેવું સ્વચ્છ અને ચમકતું છે. તેમાં દરેક વસ્તુનું સ્વચ્છ, સાચું પ્રતિબિંબ પડે છે. આ જ્ઞાન આંતરિક, પ્રત્યક્ષ અને તદ્દન વિશુદ્ધ હોય છે. તેની સાથે તમે એકરૂપતા અનુભવો છો, તે જ પ્રેમ છે. આ પ્રેમમાં ક્ષોભ નથી. તે સત્યની નિશ્ચિત શબ્દોમાં જ અભિવ્યક્તિને માનતો નથી. સર્વ સિદ્ધાંતો, તેમના શબ્દ-પ્રયોગોથી બંધાતો નથી તેમ જ સત્યની બાહ્ય અભિવ્યક્તિમાં પણ બંધાતો નથી. સાચી સહિષ્ણુતા આ રીતે જ કેળવી શકાય છે.

વિચારો સાચી, સ્વતંત્ર, જીવંત, ક્રિયાશીલ સત્તાઓ તરીકે અસ્તિત્વ ધરાવે છે. તેઓ પૃથ્વીના વાતાવરણમાં તરતા હોય છે. સંશોધકો, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો તો ફક્ત તેમને ઝીલી પ્રગટ કરે છે.

વિચારનાં આંદોલનોની ગતિ માટે માધ્યમ શું એ પ્રશ્ન નિર્માણ થાય છે. જેમ પ્રકાશ-કિરણો માટે ઈથર માધ્યમ છે તેમ વિચાર માટેનું માધ્યમ તો પ્રકાશ કરતાં

પણ સૂક્ષ્મ છે. જેમ પ્રકાશને આપણે સાંભળી શકતા નથી કારણ તે ધ્વનિ-લહેરો કરતાં સૂક્ષ્મ છે; તેવું જ વિચારોનું પ્રકાશ બાબત છે. વિચાર પ્રકાશને પોતાના રૂપમાં ઢાળી વિચારની માનસપ્રતિમાઓ તરીકે પ્રગટ થઇ શકે છે, પણ માનસ-પ્રતિમા પોતે વિચાર નથી. નવા ટી.વી., મોબાઇલ વગેરે સાધનો એ વિચારોના ભૌતિક-પરિણામો માત્ર છે, કારણ તેમના સંશોધકે તેમને પ્રથમ વિચાર તરીકે જ જન્મ આપેલો. ધમ્મપદ જણાવે છે કે કુવિચાર જેવો ભયંકર શત્રુ નથી. સુવિચાર જેવો પાલનહાર પિતા નથી. વિચારોના આવા ગહન પરિણામો જીવનમાં દેખાય છે.

આજે પૃથ્વીનું વાતાવરણ સારા, નરસા વિચારોથી ઊભરાઇ રહ્યું છે અને તેવા વાતાવરણમાં જ આપણે રહેવાનું છે; જેમાં ભોગવિલાસની, લાલસાના, સત્તા, માનમોભાની પિપાસાનાં આંદોલનો વધુ પ્રમાણમાં છે. નિસ્વાર્થી, દિવ્ય-વિચારોનાં ઓછા પ્રમાણમાં છે.

આમાંથી બચવાના ઉપાયો આપણે યોજવાના છે. તે બે પ્રકારનાં છે- સામુદાયિક જે વિધેયક અને ક્રિયાશીલ કહી શકાય, જેમાં નિઃસ્વાર્થ, ઉમદા વિચારોને ઝીલતા શીખવાનાં છે. તેમને આત્મસાત્ કરવાના છે. જીવન દ્વારા પ્રગટ કરવાનાં છે. આ સિવાય બીજી પદ્ધતિ છે પણ તે જોખમી છે. તેમાં કુવિચારોને પોતામાં પ્રવેશવા દેવા અને ઉમદા-સુવિચારોથી તેમનો નાશ કરવો પણ આ પદ્ધતિની ભલામણ ન કરવી સારી. દીક્ષિતો તંત્રમાર્ગમાં આ બીજો માર્ગ અપનાવે છે. આ બધાં વિધેયાત્મક માર્ગો છે.

વ્યક્તિગત કક્ષાએ તમે આસપાસના દૂષિત વાતાવરણના નાશ માટે ઉમદા વિચારોનો જોરદાર પ્રક્ષેપ તે વાતાવરણમાં કરવો જોઇએ. મંગલમય ભાવોના તરંગો છોડવા જોઇએ, જે તે દૂષિત વાતાવરણમાંના દૂષણ સામે વૈચારિક-જગતમાં યુદ્ધ કરી તેમનો નાશ કરે છે. આ એક રીતે નિષેધાત્મક કાર્ય છે.

આ કાર્ય જીવનભરનું છે તેથી તમે તૃષ્ણામાંથી મુક્તિ મેળવી સ્વસ્થતા અને શાંતિ અનુભવશો. બીજું, તે વિચાર પ્રબળ હશે તો બીજામાં પણ આ જ પરિણામ લાવશે. આપણા ઉમદા-વિચારોને બીજા પણ વાતાવરણમાંથી ગ્રહણ કરશે અને નવા ઉમદા-વિચારો નિર્માણ કરશે.

આ પ્રક્રિયાથી વ્યક્તિ પોતાના વિચારોનું નિયમન કરતા શીખે છે. વિચારના

વિશ્લેષણ, ચિંતન અને ધ્યાન દ્વારા આ નિયમન સાધ્ય થાય છે. મન વશમાં આવે છે. આવું મન પોતાની મનોમય શક્તિનો પ્રક્ષેપ કરીને પોતાનું ધાર્યું કાર્ય સાધી પણ શકે છે.

મનોમય શક્તિનાં આવા આંદોલનો સાચા વાહક, સંદેશવાહક બની જાય છે. તમે સ્થૂળ રીતે ગયા વગર ત્યાં કાર્ય કરી શકો છો, ચેતવણી આપી શકો છો, મદદ કરી શકો છો.

તમારા વિચારો અન્યને મદદ કરે છે, સમજણ આપે છે અને તેથી તમારી પ્રગતિને વેગ પણ આપે છે.

આ રીતે જ નકારાર્થી વિચારો દા.ત. ઘૃણા, નિંદા, ઈર્ષા, અસૂયા, વેરભાવ, કેટલી હાનિ લોકોને પહોંચાડે છે તેની તમે હવે કલ્પના કરી શકશો.

આ વસ્તુ એક વસ્તુ શીખવશે. આપણા અભિપ્રાયો, નિર્ણયો, આપણાં કામના, હેતુઓ, કારણોને ફરી ફરી ચકાસીને જ સ્વીકારવાની જરૂર છે. આપણી પોતાની ખામીઓ પણ તમને હવે દેખાશે. તે સદ્‌ગુણની ઊલટી બાજુ હોય છે. તમે તે સદ્‌ગુણને વિવેકથી વિકસાવી ત્રુટીનું નિવારણ કરી શકો છો.

સારાંશ, વધુ વિવેકશીલ બનવું મહત્ત્વનું છે. તમે પોતાને તે સ્થાને મૂકો અનુભવો અને પછી અન્ય માટે નિર્ણય લેતા શીખો. અન્યો પ્રત્યે કરુણાભાવ, ઉદારતા, સમજદારી કેળવો. શુભાશુભના આપણા ખ્યાલો કેટલા આપણા અંગત છે એ તમને હવે ધ્યાનમાં આવશે.

આપણા દિવ્ય-આદર્શને અનુકૂળ હોય તે શુભ માનો. પ્રતિકૂળને અશુભ. ધ્યાન રાખો, બધાના જ પોતપોતાના આદર્શ હોય છે, તેથી શુભાશુભની કલ્પના વ્યક્તિસાપેક્ષ રહે છે.

આપણો આદર્શ વધુ ઉદાત્ત હોય તો જ અન્યોને તેને અનુસરવાની સલાહ અપાય. તે વિશ્વયોજના સાથે સુસંગત હોવો ખૂબ જ જરૂરી છે. ઘણી વખત આપણા સ્થૂળ કાર્યોને આપણા મનોમય કાર્યો વિરોધ કરીને આપણો શક્તિક્ષય કરે છે. આવો વિરોધ આપણા ભૌતિક-કાર્યને બગાડે છે, તેથી આદર્શ રચતા પહેલાં પોતાના મનોમય કાર્યોને તેની સાથે સુસંગત કરો પછી જ આદર્શ રચો.

વિશ્વ-સંવાદિતા પ્રાપ્ત કરવી વિચાર-શક્તિના ઉપયોગથી જ શક્ય છે.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# પ્રભુનો દિવ્ય-હસ્તક્ષેપ

પ્રકરણ-૨૧

(Savitri B-1, C-4, P-58-59)

He looks on hidden aspects and screened powers.
He knows the law and natural line of things.
Undriven by a brief life's will to act,
Unharassed by the spur of pity and fear,
He makes no haste to untie the cosmic knot
Or the world's torn jarring heart to reconcile.

તે સિદ્ધયોગીઓ ઉત્ક્રાંતિના સૂક્ષ્મ જગતમાંનાં ગુપ્ત પાસાંઓને જોઈ શકે છે. ત્યાં રહી ભૌતિક શકિતઓની પાછળ રહીને જાણે પડદાનશીલ રહીને (screened) કાર્ય કરતાં બળોને પણ તેઓ કાર્ય કરતાં જોઈ શકે છે. તેઓ ઉત્ક્રાંતિની પ્રક્રિયાના નિયમોને (laws) જાણે છે તેમ જ ઉત્ક્રાંતિ નૈસર્ગિક રીતે કઈ દિશામાં વિકાસ પામવાની છે (natural line of things) તે પણ તેઓ જાણે છે. પોતાના સનાતન-જીવનમાંના આ વખતના નાનકડા ભૌતિકજીવનમાં (brief life's) ત્વરિત પ્રતિક્રિયા દર્શાવવાની પ્રબળ ઈચ્છાઓના અવ્યાજબી ઉછાળાઓને પણ તેઓ અનુભવે છે પણ તેના પ્રભાવ નીચે આવીને વર્તવા માંડતા નથી (Undriven) ખૂબ જ દર્દનાક ઘટના જોઈ ઉછળી આવતા કરુણાભાવ કે તે પોતે કાંઈ કરી શકતો નથી એવા લાચારીના ભાવથી અથવા

સમગ્રરાષ્ટ્ર કે સમાજ ઉપર ઘેરાઈ ગયેલાં  સંકટોનાં ઘટાટોપ વાદળોથી તેમના પ્રાણતત્ત્વને અનુભવાતા ડરથી તેઓ પોતે ત્રાસી જતા નથી (Unharassed) કારણ તેઓને પોતે તો નિમિત્ત માત્ર છે એ ભાવ અને અંતે તો પ્રભુનો જે કાંઈ સંકલ્પ છે તે જ થવાનું છે એ નિશ્ચિંતતાથી ધીરજ ધરી અડગ રહે છે.

ઉત્ક્રાંતિના વર્તમાન તબકકામાં જે વૈશ્વિક મડાગાંઠ સર્જાઈ હોય છે (cosmic knot) તેમાં અધીરા થઈને જોડાઈ જતા નથી. તેના પ્રભાવને મન ઉપર છાઈ જવા દેતા નથી. અથવા તો વિશ્વના વિઘટિત થઈ દિગ્મૂઢ થયેલાં હૃદયોમાં (torn jarring heart ) છે એ પરિસ્થિતિને સ્વીકારી અદિવ્ય તત્ત્વો સાથે સમાધાન કરી લેવાની (reconcile) માગણીને પણ માનવી-સુલભ ઉતાવળથી સ્વીકારી લેતા નથી.

In time he waits for the Eternal's hour.
Yet a spiritual secret aid is there;
While a tardy Evolution's coils wind on
And Nature hews her way through adamant
A divine intervention thrones above.

તે સિદ્ધયોગી શાંતિથી પસાર થતા સમયગાળામાં (time) પ્રભુની પળની (Eternal's hour) વાટ જૂએ છે. હાલમાં હજી તે આવી નથી એ જાણે છે પણ અત્યારે પણ આધ્યાત્મિક શક્તિની ગુપ્ત અને પડદા પાછળની અપ્રગટ મદદ ચાલુ જ છે (secret aid) એ તે જાણે જ છે. પ્રભુની પળમાં તે અગ્રભાગે આવી પ્રગટ રીતે મદદ કરવા લાગે છે એટલું જ. અને આ રીતે જ્યારે આંચકા ખાતી, આડી ફંટાતી ઉત્ક્રાંતિની (tardy Evolution's)ની ટેપ જાણે ભૂતકાળ બનીને વીંટાતી હોય છે (coils wind on) અને સમગ્ર પ્રકૃતિ (Nature) જાણે અડગ અવરોધો વચ્ચે પણ (adamant) પોતાનાં વિકાસની પગદંડી ચાતરે છે (hews) ત્યારે જ જાણે પરમપ્રભુનો દિવ્ય હસ્તક્ષેપને (divine intervention) જાણે પ્રભુ સૂક્ષ્મ જગતમાં (above) સંમતિ આપી સક્રિય કરે છે (thrones)

Alive in a dead rotating universe

We whirl not here upon a casual globe
Abandoned to a task beyond our force;
Even through the tangled anarchy called Fate
And through the bitterness of death and fall
An outstretched Hand is felt upon our lives.

આ પૃથ્વીરૂપી અવકાશમાં ઘૂમતા જડ નિર્જીવ વિશ્વમાં (dead rotating universe) આપણે જીવંત બનીને (Alive) ઘૂમી ફરી રહ્યા છીએ તે કાંઈ અમથા જ, નિરુદ્દેશ નથી (casual) અને ઉદ્દેશ તરીકે કરવાનું કાર્ય (task) પણ કાંઈ આપણી ક્ષમતાઓથી પેલેપારનું નથી (beyond our force) જેને આપણે આપણું ભવિતવ્ય (Fate) કહીએ છીએ તે કાંઈ અટપટી રીતે ગૂંચવાયેલી (tangled) અરાજકતા (anarchy) હોય તો પણ (Even) તેમ જ મૃત્યુની કટુ-સત્યતા અને પતનો જીવનમાં હોવા છતાં (bitterness of death and fall) સાચા સાધકને જીવન દરમિયાન એક અદૃશ્ય હાથ મદદ કરવા લંબાતો જરૂર અનુભવાય છે.

It is near us in unnumbered bodies and births:
In its unshaken grasp it keeps for us safe
The one inevitable supreme result
No will can take away and no doom change.
The crown of conscious Immortality.
The godhead promised to our struggling souls
When first man's heart dared death and suffered life.

આપણે અસંખ્ય જન્મો લીધાં છે, વિવિધ યોનિઓમાં દર જન્મે નવાનવાં શરીરો ધારણ કરેલાં છે (bodies and births) આ બધા જન્મો દરમિયાન પ્રભુની મજબૂત પકડ (unshaken grasp) આપણા જીવન ઉપર હોય છે અને તે આપણને સુરક્ષિત રાખતો હોય છે, તેથી તેનાં સર્વશ્રેષ્ઠ પરિણામો (supreme result) જીવનમાંનું મૃત્યુ કે દુર્ભાગ્યપૂર્ણ ઘટના છીનવી શકતી

(અનુ.પૃ.૧૩ ઉપર)

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# ચેતનાનાં વિવિધ સ્તરો

(ભા.-૧, પૃ.૨૭૮-૨૮૧)

પ્રકરણ - ૬

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પરમાત્મા ચેતનાની સર્વ ભૂમિકાઓ ઉપર રહેલા છે..... (પણ) તેનાં સ્વરૂપનાં ભિન્ન-ભિન્ન પાસાંઓ આપણી સમક્ષ રજૂ થાય છે..... પરમતત્ત્વ..... સર્વ ભૂમિકાઓ..... અને સ્વરૂપોથી પર રહેલું છે. પૃ.૨૭૮

૨ અતિમનસમાં..... પડદા વગર પોતાના 'સ્વરૂપમાં' આવિર્ભાવ પામવાની શરૂઆત કરે છે. પૃ.૨૭૮

૩ બધી જ પદ્ધતિઓ એક જ વસ્તુ સાથે વ્યવહાર કરે છે, પરંતુ તેમના દૃષ્ટિબિંદુમાં, દર્શનની કક્ષાઓમાં તફાવત હોય છે. પૃ.૨૭૮

૪ પ્રાચીન-ભારતની પદ્ધતિમાં એક પરમ ત્રિપુટી છે - સચ્ચિદાનંદ. પૃ.૨૭૮

૫ ભારતીય પદ્ધતિઓ..... બન્ને તદ્દન ભિન્ન-શક્તિઓ અને ચેતનાનાં સ્તરો વચ્ચે ભેદ પાડતી નહોતી. તેમાંના એકને આપણે અધિમનસ કહી શકીએ. બીજાને સાચું અતિમનસ અથવા દિવ્ય-વિજ્ઞાન. પૃ.૨૭૮-૨૭૯

૬ આપણે ચેતનાઓની ભૂમિકાની દૃષ્ટિબિંુથી જોઈએ તો ત્રણ ઉચ્ચત્તમ તત્ત્વો કહી શકાય. આનંદ (જેના ઉપર સત્ અને ચિત્ આધાર રાખે છે)

**અતિમનસ અને અધિમનસ (જે) નિમ્નગોલાર્ધના શિખર ઉપર હોય છે. પૃ.૨૭૯**

**૭ માનવ-અચેતનતા સિવાય બીજી કોઈ ખાઈ છે ખરી ? પૃ.૨૭૯**

**૮ સ્વરૂપ અને તેના વિભાગની રચનામાં..... એક સાથે બે તંત્રરચનાઓ સક્રિય હોય છે. એક કેન્દ્રવર્તી જેમાં કેન્દ્રમાં ચૈત્યપુરુષ હોય છે અને તેની આજુબાજુ.... (આનંદમય વગેરે) કોષોની શ્રેણીઓ..... બીજા પ્રકારની..... એક શિરોલંબ રચના..... તેમાં એક ઉપર બીજી ભૂમિકાનાં સ્તરો હોય છે. પૃ.૨૮૦**

**૯ નિમ્નભૂમિકાઓમાં ઊર્ધ્વ-જગતનાં પ્રતિબિંબો પડે છે. પૃ.૨૮૧**

ખરેખર તો પરમાત્મા ફક્ત જગતથી પર નથી પણ તેમાં અંતર્યામી પણ છે. તે જગતસ્વરૂપે પણ રહેલાં છે. તે સર્વત્ર છે અને તેની ચેતનાનાં બધાં સ્તરો છે. પણ તે બધાં જ કાંઈ વ્યક્તસ્વરૂપે નથી, પણ જગતની રચનામાં જે ક્રમશઃ એકથી એક શ્રેષ્ઠ જગત છે, તેમાં ક્રમ વિકાસ દેખાય છે.

માનવી - સ્વરૂપ અને તેના વિભાગોની રચનામાં બે રીતે દર્શન થાય છે :

૧ વ્યક્તિગત-ભૂમિકા ઉપર, કેન્દ્રમાં ચૈત્યપુરુષ અને તેની આજુબાજુ વિવિધ ચેતનાનાં પરિઘો. દા.ત. મનોમય-ચેતના, પ્રાણમય-ચેતના, સૂક્ષ્મ પાર્થિવ-ચેતના, સ્થૂળ ભૌતિક-ચેતના, અવચેતન અને અચેતન.

૨ વૈશ્વિક - ભૂમિકા ઉપર, ચેતનાનાં વિવિધ પ્રકારનાં ચડતાક્રમે જાણે નિસરણી રચાઈ છે જેની ઉપરથી સાધક સાધના મુજબ ઊર્ધ્વારોહણ અનુભવે છે.

અતિમનસ એ આવા જ પરિઘો કે નિસરણીના તબક્કા છે, જેની દ્વારા પસાર થઈને, માનવ-ચેતનામાંથી દિવ્ય-ચેતનામાં પ્રવેશ મળે છે. તે સંક્રમણનું બિન્દુ છે.

વ્યક્તિગત-ચેતનાના પ્રથમ દર્શન મુજબ સાધક જ્યારે પ્રવાસ કરે છે ત્યારે પોતે હૃદયનાં વધુ ઊંડા સ્તરોએ ડૂબકી મારી રહ્યો છે એવો અંતર્યામી પ્રવાસ અનુભવે છે. વૈશ્વિક-ચેતનાના બીજા દર્શન મુજબ સાધક જ્યારે પ્રવાસ કરે છે ત્યારે તે ચેતનાનું ઊર્ધ્વગમન અનુભવે છે.

આંતરિક-પ્રવાસમાં આપણા બાહ્યસ્વરૂપને વટાવ્યા બાદ આંતર-સ્વરૂપનો

ભેટો થાય છે તે બાહ્યસ્વરૂપ કરતાં થોડું વારે પ્રકાશમય અને શુદ્ધ હોય છે, કારણ તેના પ્રદેશમાં ચૈત્ય-પ્રકાશ પહોંચી શકે છે. ચૈત્યપુરુષ પોતાના ચૈત્ય-પ્રકાશની મદદથી આંતર અને બાહ્યપ્રકૃતિનું ચૈતસિકરણ કરે છે. તેમને પોતાના સાધન તરીકે વિકસાવે છે. આ દિવ્યરૂપાંતરની તૈયારીરૂપ હોય છે. આ બધું વ્યક્તિગત ચેતનાના ક્ષેત્રમાંની જ ઘટના છે.

ચેતનાના ઊધ્વારોહણમાં સાધક વ્યક્તિગત-ચેતનાનું સ્તર વટાવીને વૈશ્વિક-ચેતનામાં પ્રવેશે છે. આ રૂપાંતરનો વૈશ્વિકકરણનો બીજો તબક્કો છે.

ત્રીજા તબક્કામાં અતિમાનસિક રૂપાંતર થાય છે,. જીવ, જગત અને પ્રભુ ત્રણે એકરૂપ થઈ જાય છે. બધું જ આત્માની લીલાસ્વરૂપ અનુભવાય છે.

આ ત્રણે તબક્કામાંથી પસાર થતી વખતે સાધક, ઊર્ધ્વમન, પ્રકાશમય મન, આંતરપ્રેરણાત્મક મન અને અધિમનસ-ચેતનામાંથી પસાર થાય છે. દરેક ચેતનાના નવા તબક્કે આ રીતે પરિવર્તન આવતું જાય છે. અધિમનસમાં આંતરપ્રેરણાત્મક મનની કાર્યપદ્ધતિ વિકાસ પામે છે અને પૂર્ણકળાએ ખીલી ઊઠે છે. અતિમાનસિક-રૂપાંતરમાં અતિમનસ-ચેતના પ્રગટ થવા લાગે છે. તેમાં આંતરિક રીતે જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાનનો તફાવત ભૂંસાવા માંડે છે. બાહ્યમાં જીવ, જગત, પ્રભુનો ભેદ નષ્ટ થાય છે. આવી રીતે ભેદવિહીન તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવવાની શરૂઆત થાય છે. આ જ તબક્કે અજ્ઞાનનો નાશ થાય છે. અહંકારનો નાશ થાય છે.

અર્થાત્ અતિમાનસિક - રૂપાંતર પછી દિવ્ય-પ્રગતિનો માર્ગ તો અનંતમાં વિસ્તરતો જ જાય છે.

સત્-ચિત્-આનંદ એ તો વિશ્વાતીત-ચેતના છે તેથી તેનું કાંઈ એક જગત નથી. પણ જગતના જે ઉચ્ચત્તમ ભાગમાં તેનું પ્રતિબિંબ પડેલું હોય છે અને તે બાબત સભાનતા આવેલી હોય છે, તેને જ આપણે સત્-ચિત્-આનંદની સૃષ્ટિઓ કહીએ છીએ.

ભૌતિક-સૃષ્ટિ ઉપર આધારિત ન રહેનારા સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય અને મનોમય-જગતો છે. તેઓ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. તેમનો ભૌતિકતત્ત્વમાં આવિર્ભાવ એ જ વનસ્પતિસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને માનવસૃષ્ટિ છે.

આમ, સ્વતંત્ર જગતોની એક હારમાળા જ દેખાય છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# ગીતા અને શ્રી અરવિન્દનો સંદેશ

પ્રકરણ - ૨૭

(પૃ.૧૨૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દને ઉત્ક્રાંતિની કલ્પના ડાર્વિનના સિદ્ધાંત ઉપરથી આવી હોવાની શક્યતા છે. તેમણે ચેતનાના વિકાસ તરીકે તેને ઢાળી.

૧. ગીતામાં ચેતનાની ઉત્ક્રાંતિનો ખ્યાલ નથી. તેની પાછળ ખ્યાલ છે તેમાં ચેતના વિકાસ પામે છે પણ તે માટે તે એકથી એક વિકસિત યોનિના નિસર્ગે નિશ્ચિત કરેલાં ખોળિયાં (યોનિઓને) સ્વીકારતી આગળ વધે છે અને આ યોનિઓમાં પણ ભૌતિક સ્તરે પ્રગટ થયેલ સહુથી પ્રગટ યોનિ માનવયોનિ છે. તે પછીની શ્રેઠ યોનિઓનાં શરીરો ભૌતિક હોતાં નથી પણ વધારે સૂક્ષ્મ તત્ત્વોનાં હોય છે અને તે યોનિઓ સૂક્ષ્મ જગતમાં રહે છે.

હાલમાં પ્રચલિત હિન્દુ પરંપરામાં પણ આવી કાયમી અને વિકાસ ન પામનારી વિવિધ યોનિઓમાં નવો જન્મ લઈ ચેતના વિકાસ પામે છે એ રીતે પુનર્જન્મના સિદ્ધાંતનું સ્પષ્ટિકરણ આપેલ છે.

પણ શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં ભૌતિક-સ્તરે જ નવી પ્રગત યોનિઓ હવે પછી આવિર્ભાવ પામશે તેવો સિદ્ધાંત માન્ય કરેલો છે અને ભૌતિક કક્ષાએ જ ચેતનાનો વિકાસ શક્ય છે એમ તેઓ માને છે.

૨. કોઈ પણ યોનિના શરીરમાં થતો વિકાસ એ તેમાં રહેલી ચેતનાના

વિકાસને આભારી છે. સારાંશ, ચેતના પ્રથમ જૂના ખોળિયામાં વિકસે છે. તે ખોળિયું તેને અપૂરતું લાગતા તે નવું ખોળિયું જાતે જ રચે છે અને તે ખોળિયું વારસામાં પોતાની ક્ષમતાઓ આપીને નવી યોનિ સર્જે છે. આ રીતે જ યોનિઓ રચાઈ છે અને ભાવિ યોનિઓ રચાશે.

(હિન્દુ - પરંપરામાંથી ઉત્ક્રાંતિનો સિદ્ધાંત લુપ્ત થઈ ગયો છે. પણ વેદોમાંના વ્યાહ્યતિવાદમાં તેનાં બીજો જોવાં મળે છે. ચેતનાએ પોતાના જે વિવિધ ચેતના-સ્તરો રચ્યાં છે જે તેના અવતરણની પ્રક્રિયામાંના તબક્કા જ છે, તે પૃથ્વીએ ધારણ કરી રાખેલો છે તેથી જ પૃથ્વીને ધરતી, ધરા કહે છે જેનો અર્થ જેણે બીજરૂપે ચેતનાનાં બધાં જ સ્તરો ધારણ કરી રાખેલાં છે એવી ઘનીભૂત અવસ્થા (પૃથ્વી એટલે ઘનીભૂત)

આમાંથી જ દશાવતારની કલ્પના મુજબ ચેતનાનો વિકાસ, જળચર જંતુ (મત્સ્ય), ઉભયચર જંતુ (કુર્મ), સ્થળચર પ્રાણી (વરાહ) વનમાનુષ (નરસિંહ), અવિકસિત માનવ (વામન), શારીરિક રીતે દૃઢ માનવ (પરશુરામ), ચૈતસિક માનવ (રામ), આધ્યાત્મિક માનવ (કૃષ્ણ) અને અક્ષરપુરુષ અથવા વૈશ્વિકમાનવ (બુદ્ધ), વિશ્વાતીત-માનવ (પુરુષોત્તમ) (કલ્કી) આવા દશાવતાર પૈકી નવ થયા છે. હવે દસમો તબક્કો વિકાસ પામશે.

આ ખરેખર ચેતનાના ઉત્ક્રાંતિનો જ સિદ્ધાંત છે જે પ્રચલિત હિન્દુ પરંપારમાંથી લૂપ્ત થઈ ગયો છે અને તેના અવશેષ તરીકે દશાવતાર, ધરતી, સપ્તવ્યાહૃતિ જેવા શબ્દો માત્ર રહ્યાં છે. સદર લુપ્ત થવાની પ્રક્રિયા ઉપનિષદકાળથી જ થવા લાગેલી. બૌદ્ધ જાતક-કથામાં તેના સંદર્ભો લીધાં છે.

(વિશ્વામિત્રની નવું સ્વર્ગ રચવાની વાત છે તે ઉત્ક્રાંતિના આ સંદર્ભમાં જ.)

૩. આ ઉપર મુજબની લુપ્તતાને કારણે હિંદુ પરંપરામાં પુનર્જન્મ એ અજ્ઞાનની જ ક્રિયા માત્ર છે એમ સમજીને તેમાંથી છૂટવાનો સિદ્ધાંત માન્ય થયો. જગતને એક ભ્રમ, માયા ગણવામાં આવ્યો. વેદકાળમાં માયાનો અર્થ

વાસ્તવિક ભૌતિક સ્તરની દિવ્યસર્જન-શક્તિ એવો હતો. દા.ત. ઈન્દ્રો માયાભિઃ પુરુરૂપો ઈયતે, દિવ્ય-મનસ્તત્ત્વે પોતાની દિવ્ય સર્જન-શક્તિથી વિવિધ શરીરોરૂપી આત્માના નિવાસ રચ્યા. આમાં મૂળ તો ચેતના જ યોનિ સર્જે છે એ સિદ્ધાંત છે. પણ માયાનો અર્થ ભ્રમ ગણીને ઈન્દ્રે ભ્રમનિર્માણ કરીને વિવિધ યોનિરૂપ અજ્ઞાનના આભાસો સજર્યા એવો અર્થ લેવાયો. ઈન્દ્રજાળ જેવા જાદુને લગતા શબ્દો રચાયા.

આથી જગત એક અજ્ઞાનવશ આભાસ માત્ર છે એવી હિન્દુ-પરંપરા રચાઈ. શ્રી શંકરાચાર્ય પણ આ જ માન્યતાથી દોરવાયા. ભક્તિમાર્ગમાં જગતને પ્રભુની લીલા તરીકે સ્વીકારી. વેદાંત-સૂત્રોમાં જગત રચવા પાછળ પ્રભુનો કોઈ સ્વાર્થ નહોતો એ દર્શાવવા લીલા શબ્દ વપરાયો છે. (લીલાવત્ તુ કૈવલ્યમ્) પણ લીલાનો અર્થ ફરી ભ્રમ જ લેવાયો.

શ્રી અરવિન્દે જગતને પ્રભુના જ આવિર્ભાવ તરીકે માન્ય રાખ્યું અને તે આવિર્ભાવની ક્રિયા એટલે જ ઉત્ક્રાંતિ એવો સિદ્ધાંત આપ્યો અને આ ઉત્ક્રાંતિ હજી પૂરી થયેલી નથી એવું કહ્યું. સત્-ચિત્-આનંદની પૂર્ણ અભિવ્યક્તિ એ ઉત્ક્રાંતિનું અંતિમ ધ્યેય છે.

શ્રી અરવિન્દે પોતાની સતચતુષ્ટયની સાધનાથી પોતે જ આ ભૂલાયેલાં સત્યો ફરી પ્રાપ્ત કર્યાં. તેમને તે બાદ વેદોમાં તેના સંદર્ભો પણ મળ્યાં. તેથી પૂર્ણયોગનો સિદ્ધાંત વેદોમાંથી શ્રી અરવિન્દે લીધો છે અથવા તેનું ફક્ત નૂતનીકરણ છે એવું કહેવું શક્ય જ નથી. અને શ્રી અરવિન્દને તેમ મૂલવશું તો તેવી જ સ્થિતિ શ્રીકૃષ્ણની પણ છે. તેઓ પણ કર્મયોગની લુપ્ત-પરંપરાને જ ફરી મૂકવાની વાત કરે છે.

શ્રી અરવિન્દના કોઈક વિચારો વેદોમાં પ્રતિધ્વનિત થતા લાગે છતાં શ્રી અરવિન્દનો યોગ નવી રીતે જ અર્થપૂર્ણ છે એ જ વાસ્તવિકતા છે.

૪. શ્રી અરવિન્દે પૂર્ણયોગની શરૂઆત અભીપ્સા, સમર્પણ, પરિત્યાગથી કરવાનો આગ્રહ રાખેલ છે. પોતાની નિમ્નપ્રકૃતિથી આ ત્રણેની

સહાયથી મુક્ત થવાં જણાવેલ છે. આમ પૂર્ણયોગની સાધનાની બેવડી ગતિ હોય છે. એક પાસું સમર્પણનું હોય છે તો બીજું પુરુષાર્થનું, પ્રયત્નનું, અન્ય યોગી શારીરિક ક્રિયાઓ, પૂજાપાઠ, યજ્ઞ વગેરેથી શરૂઆત કરે છે. શ્રી અરવિન્દના મતે અભીપ્સામાંથી કર્મો નક્કી થવા જોઈએ. તેને ઘાટ મળવો જોઈએ. સાધના માટે તૈયાર ઘાટનાં કર્મો, બધાં માટે જ એક નિશ્ચિત સ્વરૂપના હોવા જોઈએ તેમ શ્રી અરવિન્દ માનતા નથી. પ્રકૃતિભેદ પૂરેપૂરો માન્ય કરે છે. વળી પ્રયત્નોનો આગ્રહ રાખી તામસિક-સમર્પણને તેઓ ટાળે છે. કર્મકાંડને મહત્ત્વ આપતા નથી તેમ જ રાજસિક સમર્પણ પણ ટાળે છે, જેમાં પ્રભુને પોતાની કામના સંતોષવાનું માધ્યમ બનાવી લેવામાં આવે છે.

૫. ગીતાની ભાષા પણ ઘણી વખત વિરોધાભાસી લાગે છે. દા.ત. તેઓ સાધનામાર્ગ તરીકે સંસારત્યાગીને બ્રહ્મરૂપ થઈ જવું જોઈએ આવો નિવૃત્તિ માર્ગ પણ સ્વીકારે છે. બીજી બાજુ, જીવનમુક્ત યોગી સંસારમાં રહીને પણ યોગમય-જીવન જીવી શકે છે એમ જણાવે છે. દા.ત. જીવનમુક્ત વિદેહી જનકરાજા.

રામકૃષ્ણ ઠાકુર આ વિરોધાભાસોનો બે પ્રકારનાં, બે કોટિના જીવ માન્ય રાખીને સમન્વય સાધે છે. જે ઈશ્વર કોટિનાં છે તે સંસારમાં રહીને જ બ્રહ્મ સાક્ષાત્કાર કરી શકે છે, જ્યારે જીવ-કોટિનાં છે તેમને સંસાર ત્યાગીને જ પ્રભુની પ્રાપ્તિ થાય છે. જે ઈશ્વર કોટિનાં છે તે ઊર્ધ્વ-ચેતનામાં સ્થિર થયા પછી ફરી નીચે આવી કરુણાભાવથી લોકોને સમજાવે છે જીવકોટિના લોકો મુક્તિ મળ્યા પછી નીચે આવી જ શકતા નથી.

અતિમનસ-સાક્ષાત્કારમાં યોગી અતિમનસ-સાક્ષાત્કાર કરી ત્યાં જ સ્થિર થઈ જાય છે અને ત્યાં રહીને ભૌતિક-જીવન ઉપર પ્રભાવ પાડીને તેનું રૂપાંતર કરે છે.

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## જ્ઞાન અને અજ્ઞાન

(ઉપનિષદો - પૃ.૬૧-૬૯)

પ્રકરણ - ૬

(ગતાંકથી ચાલુ)

જેઓ વિવિધતાને જ અંતિમ તત્ત્વ માની અવિદ્યાની ઉપાસના કરે છે (વિજ્ઞાનીઓ જેઓ જગતમાં ભિન્ન તત્ત્વો છે અને ભિન્ન માનવો છે એમ સમજે છે) તેઓ આત્મતત્ત્વની અભાનતા રૂપ અંધકારમાં પ્રવેશે છે.

જેઓ ફક્ત એક જ અખંડ નિરાકાર ચેતના છે એવી ઉપાસના કરનાર (ફક્ત અધ્યાત્મવાદી જેઓ ભૌતિક જીવન તરફ દુર્લક્ષ્ય સેવે છે, ભૌતિક વિકાસને મહત્ત્વ આપતા નથી) તેઓ તો વધારે ગાઢ અંધકારમાં પ્રવેશે છે કારણ તેઓ પ્રભુને ભૌતિકકક્ષાએ ચેતનાના વિકાસ દ્વારા અનંતરૂપે પ્રગટ થવું છે તેનું જરાપણ જ્ઞાન ધરાવતા નથી. તેઓ અજાણતા પ્રભુના સંકલ્પવિરોધી જીવન જીવવા માંડે છે. આ ભૂલ સુધારવી વધુ મુશ્કેલ છે.

આપણે ભિન્નતાને વિજ્ઞાનદ્વારા વિકસાવવી છે, તેને વટાવી જવા માટે જ. એ જ સાચો માર્ગ છે.

વિદ્યા અને અવિદ્યા બન્ને પ્રકારની ઉપાસનાના થોડા ઘણા સારા પરિણામો પણ આવે જ છે. વિદ્યાથી સાધક અક્ષરબ્રહ્મનો, નિરાકાર, નિષ્ક્રિય ચેતનાનો સાક્ષાત્કાર કરે છે. તેમાં ચિત્-તત્ત્વ સત્‌તત્ત્વની શુદ્ધ સભાનતામાં રહી આનંદતત્ત્વમાં લયલીન હોય છે. તે અક્ષરપુરુષનો સાક્ષાત્કાર હોય છે.

અવિદ્યાની ઉપાસનાથી ભૌતિક પ્રગતિ નેત્રદીપક રીતે થાય છે. જીવન વૈભવપૂર્ણ બને છે, નવીન શોધો રોગ, મૃત્યુને જીતે છે, તે ક્ષરપુરુષનો સાક્ષાત્કાર છે.પણ માનવ માટે ફક્ત અક્ષરબ્રહ્મનો સાક્ષાકાર કે ભૌતિક જીવનની વૈભવી

સુખસગવડતાઓ જ કાંઈ અંતિમ સાક્ષાત્કાર નથી. સાચો અંતિમ સાક્ષાત્કાર છે ઉત્તમપુરુષનો, પુરુષોત્તમનો જેમાં ક્ષર અને અક્ષર બન્ને પુરુષોના સાક્ષાત્કારને સમન્વયમાં ગોઠવવામાં આવે છે. અવિદ્યાથી ક્ષરપુરુષની મર્યાદાઓ ધ્યાનમાં આવે છે. વિદ્યાથી અક્ષરપુરુષની મર્યાદાઓ ધ્યાનમાં આવે છે. આ જ્ઞાન વેદકાળપૂર્વના ઋષિઓએ વેદકાળના ઋષિઓને વારસામાં આપેલ છે. તેમના મતે આ ક્ષર અને અક્ષરપુરુષની મર્યાદાઓને પુરુષોત્તમ ચેતનામાં ઓળંગી જવાય છે અને ક્ષર-અક્ષર પુરુષનો સમન્વય પણ સધાય છે.

આ માટે અવિદ્યાનાં તત્ત્વોને વિદ્યાથી પ્રકાશમય કરવામાં આવે છે. અર્થાત્ ભૌતિક-સુવિધાઓને આધ્યાત્મિક જીવનના સાધન તરીકે વાપરવામાં આવે છે. ભૌતિક-સુવિધાઓથી બચતા સમયને આધ્યાત્મિક હેતુઓ માટે વાપરવામાં આવે છે. તે સગવડતાઓ યોગમય જીવનનાં કષ્ટો પણ નિવારે છે. આજીવિકાની ચિંતા પણ જીતે છે. આને કારણે પ્રભુને વ્યક્તિ અને વિશ્વ મારફત પ્રગટ કરવા શક્ય બને છે.

અવિદ્યામાં જે એક નિશ્ચિત આવિર્ભાવ સાથે જ અહંકાર પોતાને એકરૂપ કરે છે, તેથી તેને તે આવિર્ભાવનો વિનાશ પોતાનો વિનાશ લાગે છે. જો તે બધાં જ આવિર્ભાવોને પોતાનાં સમજે તો તેનો વિનાશ થવો શક્ય નથી. કારણ જૂનો આવિર્ભાવ નાશ પામે છે, તો નવો આવિર્ભાવ જન્મે છે. આમ, વિનાશની મૃત્યુની ભાવનામાંથી તે પોતાને બચાવી લે છે. આ રીતે તે સનાતન જીવનનો ઈશ, માલિક બને છે.

અવિદ્યાથી તે નિશ્ચિત આવિર્ભાવને કારણે આવતા અનુભવોને જોડીને તેમને એક જ વ્યક્તિના જીવન દરમિયાનના અનુભવો તરીકે સ્થાપે છે. તેમજ તે નિશ્ચિત આવિર્ભાવની બધી ક્ષમતાઓને પણ નિશ્ચિત હેતુ માટે સંઘટિત થવાની ટેવ પાડે છે.

આમ કરવાથી તે, તે આવિર્ભાવમાં ક્ષણે ક્ષણે બદલાવરૂપી મૃત્યુને નકારે છે. તેમાં જીવનનું સાતત્ય લાવે છે. તે જ પ્રમાણે જીવનના આનંદનો ક્ષણે ક્ષણે થતા વિનાશને પણતે નકારીને તેને ટકાવી રાખે છે.

આ ક્ષણે ક્ષણે મૃત્યુને નકારવાની ક્રિયા વ્યક્તિ વિદ્યામાં પ્રવેશી અક્ષર ચેતનામાં આવી વસે તો સદંતરને માટે બંધ થઈ જાય છે કારણ ત્યાં ક્ષણે ક્ષણે અમરતાનો આનંદ જ છલકાતો હોય છે.

અહંકારને વિલીન કરવાથી કાંઈ અમરતા મળતી નથી. તેને પરમ-પ્રભુના આવિર્ભાવ કેન્દ્ર તરીકે વિકસાવવાથી અમરતા પ્રાપ્ત થાય છે. ફક્ત તેણે વ્યક્તિત્વના ભાવને એક જ રચના સાથે કરેલા તાદાત્મ્યને છોડવાનું હોય છે અને તેને અતિક્રમીને વિશ્વાતીત ચેતનાના ભાગ બનવાનું હોય છે. તેથી વ્યક્તિએ પોતાની ચેતનાને વિશાળ કરતા જવી એ જ સાચો માર્ગ છે. અંતે, તે પોતાને બધામાં અને બધાંને પોતાની ચેતનામાં જોતા શીખેં છે (શ્લોક-૬) તેને કારણે વૈશ્વિકરૂપો, ક્રિયાઓ અને ગતિવિધિઓ તેનાં રૂપો, ક્રિયાઓ, ગતિવિધિઓ બની જાય છે (શ્લોક-૭)

આમ, અવિદ્યામાંથી વિદ્યામાં પ્રવેશાય છે.

અમરતા એટલે મૃત્યુ બાદ આત્માનું ટકવું નથી. આત્મા તો ટકે જ છે. અમરતા એટલે એવી ચેતના સાથે એકરૂપતા જે જન્મ-મરણથી પર છે. તે પરમ-આત્માની સનાતન ચેતના છે.

શું આ સનાતનતાની, અમરતાની પ્રાપ્તિ એ જીવનની અંતિમ ગતિ છે ? જવાબ છે ના. અમરતા પ્રાપ્ત કરવી એ આપણા માટે અવાંતર પરિણામ માત્ર છે તે અંતિમ સાક્ષાત્કાર નથી.

પોતાની અમરતા પ્રાપ્ત કરીને તે પછી પણ આત્માએ પ્રભુનું કાર્ય કરવાનું બાકી રહે છે. તેણે અન્ય અહંકારો મારફત પ્રભુ પ્રગટ થવા પ્રયત્ન કરી રહ્યાં છે, તેમાં તેમને પ્રગટાવવા મદદરૂપ થવાનું છે. તેમને સાચી સાધનાની સમજણ આપવાની છે. તેમને સાધનાકીય જરૂરી માર્ગદર્શન આપવાનું છે. તેમને મદદ, હૂંફ, ઉત્સાહ, પ્રોત્સાહન આપવાના છે. જેથી તેઓ દ્વારા થતો પ્રભુનો આવિર્ભાવ વેગ પકડે.

તે માટે તેને જન્મ લેવો પણ જરૂરી લાગે છે, કારણ તેથી તે અન્ય સાધકોના સીધે સીધા ભૌતિક સંપર્કમાં આવી શકે છે. *

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# ઉષાનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૧, પૃ.૧૬૦-૧૬૫)
પ્રકરણ -૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

ઉષા ઋત્‌ને સત્યમાં રૂપાંતરિત કરે છે, તેથી તેને સુનૃતાઃ  અર્થાત્ સત્યને સારી રીતે પ્રગટ કરનાર કહે છે. પણ સુનૃતાઃનો બીજો અર્થ આનંદાયક, સુખપ્રદ એવો પણ છે. તે અર્થમાં પણ તે સુનૃતાઃ છે જ. તે અર્થમાં જ તેને મધુધા કહી છે - મધુરતાને ધારણ કરનાર કહી છે. તે જ અર્થમાં તેને ચંદ્રરથા કહી છે. ચંદ્ર એટલે સોમ. તે સોમરસનું આનંદનું પાન કરાવે છે. ઉષા પ્રકાશમયતા છે. સારાંશ, તેનો સુવર્ણમય પ્રકાશ સાધકને વિશાળતા તરફ દોરી જાય છે. તેથી તેનું પૃથુ પાજસો યે કહી છે. તેનો અર્થ - વિશાળતા તરફ લઈ જવાની ક્ષમતારૂપી ઘોડા ધરાવતી એવો થાય છે.

ઉષા દર્શના-શક્તિ છે. તે દિવ્ય-દૃષ્ટિ આપે છે. આપણા મન, પ્રાણ, શરીર પાછળ રહેલ પ્રકાશમય ચેતનાના તે દર્શન કરાવે છે. અમૃતસ્ય કેતુઃ

તે સનાતન સત્યની વિવિધ રીતે નાવીન્યપૂર્ણ રીતે ઝાંખી કરાવે છે તેથી તેને નવ્યસ્યા નૂતન-દર્શન નિર્માણ કરનારી પણ કહી છે. તે સ્વર્ગનો આનંદ આપે છે. જાણે તે સ્વર્ગના આનંદની પત્ની ન હોય ! (સ્વસરસ્ય પત્ની)

તેના કાર્યનો પૂર્ણ પરિણામ દેખાય છે, તેથી સંપૂર્ણ સુખનો અનુભવ થાય છે તેથી તેને સુભગા સુદશાઃ કહી છે.

આવી રીતે એકંદરે ઉષા માનવ-સ્વરૂપમાં બે કાર્યો કરે છે :

(૧) માનવની ચેતનાનું પ્રકાશપૂર્ણ ચેતનામાં આરોહણ અને ત્યાં થતું ઋત્નું દર્શન (૨) પરમ-ચેતનાનાં આનંદ, વિશાળતા અને અમરતાને મન, પ્રાણ, શરીરમાં અવતરણ કરાવવું.

પ્રથમ કાર્યથી માનવની ચેતના પ્રકાશમય મનની કક્ષાએ (દિવિ) સમગ્ર ક્ષમતાઓ સાથે આરોહણ કરીને ત્યાં ઊર્ધ્વમાંના પ્રકાશમય લોકોને પ્રકાશિત કર્યા પછી તે દિવ્ય-પ્રકાશનું અવતરણ થઈ તે મન, પ્રાણ, શરીરરૂપી ત્રણ રોચનામાં (પ્રકાશ) સ્થિર થાય છે (મહી રોદશી આ વિવેશ) અથવા પ્ર રોચના ત્રણ પ્રકાશ સ્તરોમાં પ્રવેશી સાધકમાં વરુણની વિશાળતા (મહિ વરુણસ્ય) અને મિત્રની સંવાદિતા અને પ્રેમ (મિત્રસ્ય માયા) પ્રગટ થાય છે. તે વિશાળતામાં વિવિધ સત્યોને તે સંવાદમય સ્થિતિમાં ગોઠવી આપે છે.

આવી રીતે ઉષા સુવ્યવસ્થા અને સુસંવાદિતાની નવરચના કરે છે.

સારાંશ, ઉષા તો પ્રભુના આગમનની નિશાની છે. તે અમરતાનો પ્રકાશ છે. અમૃતસ્ય કેતુઃ

---

(પૃ.૩૫ ઉપરથી) **વિદ્યાર્થીઓને માર્ગદર્શન**

તેથી આ જાતની છેતરપિંડી તત્કાળ બંધ કરવી જરૂરી છે. આ ખરેખર તો દંભનો જ પ્રકાર છે. તમે પોતાની સામે પોતાને સારા ચિતરવા માંગો છો.

આમાંથી મુક્ત કેવી રીતે થવું ? શ્રી માતાજી જણાવે છે કે માણસ જો પ્રામણિક રીતે પોતાની જાતનું નિરિક્ષણ કરતા શીખે તો આ વસ્તુ અટકાવી શકાય છે. પછી જ્યાં આપણી નબળાઈ જણાય તે પોતે કબુલ કરવી જોઈએ અને તેની ઉપર વિજય મેળવવાનો દૃઢ નિશ્ચય કરી પોતાનું પરિવર્તન કરવું જોઈએ. આવી ચૈતસિક પ્રામાણિકતા જ માનસિક દંભનો નાશ કરવા સમર્થ છે. માનસિક દંભની શરૂઆત થતી દેખાતા જ હૃદયે દૃઢતાથી બોલવું જોઈએ, ''આ ખોટા ઉધામા મને પસંદ નથી. બંધ થઈ જા.'' આવો આકરો જાકારો જ માનસિક દંભનો નાશ કરે છે.

જાતને છેતરવી એ પ્રભુની છત્રછાયાને તરછોડી સર્વનાશ નોતરવાની પૂર્વ તૈયારી જ છે એ ખાસ ધ્યાનમાં રાખો.

# પરસેવાની મહામૂલી મૂડી

પ્રકરણ - ૯

સુવર્ણપૂરી નગરીમાં એક પખાલી રહે. રાતદિવસ મજૂરી કરે ત્યારે માંડ બે ટાણે ખાવાનું મળે.

એક વખત એક શેઠના મકાનના કામ માટે પખાલી તરીકે ગયો. શેઠે તેની મહેનત જોઈ મજૂરી કરતા એક પૈસો વધારે આપ્યો. પખાલી તો રાજીને રેડ થઈ ગયો. તેણે તે પૈસો બચાવી રાખવાનો વિચાર કર્યો.

ગામની ઉત્તર બાજુએ બહારની પોતાની ઝૂંપડી તરફ જતો હતો ત્યારે તેણે ખંડેર બનેલો રાજાનો કિલ્લો જોયો. તેને વિચાર આવ્યો. આ કિલ્લાની ભીંતમાં મારી આ બચત ક્યાંક છૂપાવી દઉં. તે ભીંત પાસે ગયો. તેને ભીંતની એક ઈંટ ઢીલી લાગી. તેણે નીચેથી ગણવા શરૂઆત કરી. બરાબર અગ્યારમી હતી તેણે એક પથ્થર લાવી, તે ઈંટની લાઈનમાં નીચે પાયા પાસે મૂક્યો. ઈંટ ખેંચી કાઢી ખાડો સાફ કરીને ઊંડે ઊંડે તેણે પૈસા મૂકી ઈંટ ગોઠવી દીધી.

રોજ ત્યાંથી મજૂરી કરીને પસાર થાય અને ઈંટને જોઈ હરખાય. બે મહિના પછી તેના લગ્ન થયાં. તે પછી તરત ગામનો મેળો શરૂ થવાનો હતો. રાત્રે પતિપત્નિ જમી પરવારી બેઠાં હતાં.

પત્નિ બોલી. ‘‘જો આપણી પાસે પૈસા હોત તો મેળામાં કેવી મજા કરત.’’

પખાલી બોલ્યો, ‘‘અરે, મારી પાસે એક પૈસાની બચત છે, કાલે લેતો આવીશ.’’

બીજે દિવસે મજૂરી બાદ તે છૂટીને કિલ્લાની દિવાલ તરફ જઈ રહ્યો હતો

ત્યારે સિપાઈઓને તેની હાલચાલ શંકાસ્પદ લાગતા તેને પકડી રાજા સામે હાજર કર્યો.

રાજાએ કરડાઈથી પૂછ્યું, ''કિલ્લા તરફ શા માટે જઈ રહ્યો હતો.''

પખાલી જવાબ આપતાં અચકાતો હતો. તેણે રાજાને ખાનગીમાં જવાબ આપીશ તેમ કહ્યું.

રાજા તેને ખાનગીમાં મળ્યો. તેણે રાજાને કાનમાં કહ્યું. મહારાજા, ''જિંદગીની મારી કમાણી મેં કિલ્લામાં છૂપાવી છે. તે લેવા જતો હતો.''

''કેટલી મૂડી છે?

''મહારાજ, પૂરો એક પૈસો છે, મારી તે પરસેવાની કમાણી છે મારી પત્નીને મેળામાં લઈ જવા મારે તે પાછી લાવવી છે.''

પખાલી, હું તને એક સોનામહોર આપુ. તું મને પેલો પૈસો આપીશ.''

''ના મહારાજ, એ તો મારી જાત મહેનતની મહામૂલી મૂડી છે.''

''ચાલ, સો સોનામહોરો..... બોલ હજાર સોના મહોર..... ચાલ અરધું રાજ.''

પખાલીની આંખો ચમકી, ''કબૂલ'

''બોલ કઈ તરફનું રાજ્ય આપું.''

''ઉત્તર તરફનું પણ એક શરતે, મને પહેલા મારી પરસેવાની કમાણી ત્યાંથી લાવી પત્નીને આપવાની છૂટ આપો.''

રાજા હસ્યો, 'ભલે ખુશીથી'' મનમાં બોલ્યો.

''પખાલી, તારી સામે અમે ગરીબ છીએ.''

**રાજકોટ કેન્દ્રનું નવું પ્રકાશન**

**પૂર્ણયોગની સાધના પદ્ધતિ** - પૃ.૩૨૦

(લે.માનસિંહ ચાવડા)

કિંમત : ૨૦૦/-

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટ**

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## પોતાની જાતની છેતરામણીમાંથી મુક્તિ

પ્રકરણ - ૩૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 122)

આપણી બુદ્ધિ વિવેકશક્તિને અનુસરવા કરતા અહંકારે લીધેલા નિર્ણયને સાચી ઠરાવવામાં જ વધારે વપરાતી હોય છે. બુદ્ધિ વકીલની જેમ પોતાના અસીલનું અર્થાત્ અહંકારનું હિત જ સાચવે છે. વાસ્તવિકતા અને સાચી હકીકત સ્વીકારવા તૈયાર થતી નથી.

આપણે કરેલા કાર્યને જ યોગ્ય ઠરાવવા માટે જે ઉધામા નાખીએ છીએ તે આવી માનસિક અપ્રમાણિકતાના દાખલા છે. આપણે પોતાને છેતરવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણા કાર્ય અને વર્તનને વ્યાજબી ઠરાવવા અનુકૂળ સમજૂતિઓ આપી આપણા ચિત્તને મનાવી લઈએ છીએ. અંતે કોઈ કારણ ન મળે તો સંજોગો ઉપર બધું ઢોળી દઈએ છીએ.

મૂળ તો તેના અંતરાત્માનો જે ડંખ તે અનુભવે છે તેમાંથી રાહત મેળવવા જ આવી માનસિક છેતરપિંડી પોતે જ પોતાની કરતો હોય છે. પછી તો આમ કરવાની ટેવ પડીને રીઢો બની જાય છે.

ખરેખર તો એ વખતે પ્રાણના આવેગને વશ થઈને તે કર્મ આચરી બેસે છે અને તે આવેગો ઉપર તેના વિવેકબુદ્ધિનું કોઈ નિયંત્રણ હોતું નથી.

આવી રીતની પોતાની જ છેતરપિંડી કરવાની ટેવ એ સાધક માટે યોગ્ય નથી. આપણો અંતરાત્મા તો પ્રભુનો પ્રતિનિધિ છે. પ્રભુને છેતરવા શક્ય નથી.

(અનુ.પૃ.૩૨ ઉપર)

# બહાઈ ધર્મનું સ્વરૂપ

પ્રકરણ - ૩૭

(ખંડ-૨, પૃ.૧૮૩-૧૮૪)

(૫-૪-૨૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(એક બહાઈ ધર્મને અનુસરતી ધર્મોપદેશક નારીનો પત્ર વાંચ્યા પછી)

શ્રી અરવિન્દ : તમે આ ધર્મ વિષે જાણો છો?

શિષ્ય : બહુ ઓછું. તે ધર્મના સ્થાપકનું નામ બહાઉલ્લા હતું એટલું યાદ છે.

શ્રી અરવિન્દ : તે અભણ હતો પણ પ્રાણમય ભાવનાઓ તેની બળવત્તર હતી. તેને માનસિક પ્રકાશ પ્રાપ્ત થએલો. ધ્યાનમાં બેસતો ત્યારે તેને તે પ્રકાશ દેખાતો. તેમાંથી તેને બહાઈ ધર્મની પ્રેરણા મળી.

તે વ્યક્તિમાં પયગંબરના લક્ષણો હતાં. તેના શબ્દો, શ્રાપ સાચા પડતાં. તે ટેલીપથી જાણતો હતો. તેને જેલમાં પૂરેલો ત્યારે તેણે પોતાનો ધર્મ અનુસરવા તુર્કી સૂલતાનને, ત્રીજા નેપોલિયનને, ઈરાનના શાહને સંદેશવાહક સાથે પત્ર મોકલેલો. તૂર્કીના રાજાએ તે ધર્મને અવગણ્યો. તેથી તેનું રાજ્ય તથા ગાદી નાશ પામશે એવો શ્રાપ આપેલો જે સાચો પડ્યો. ત્રીજા નેપોલિયને પેલા સંદેશાવાહકને અવગણ્યો તથા તુર્કી સમ્રાટે તો

સંદેશવાહકને જ મરાવી નાખ્યો. બન્નેને શ્રાપને કારણે ભોગવવું પડ્યું. તે બાહા ઉલ્લાની કેટલીક આગાહીઓ સાચી પડી છે.

શિષ્ય : શું વ્યક્તિના શ્રાપથી સમગ્ર રાષ્ટ્રને ભોગવવું પડે છે.

શ્રી અરવિન્દ : પ્રાણમય સ્વરૂપ બળવાન હોય તો બધું શક્ય છે. જગત વિશ્વશક્તિઓનો ખેલ છે. ત્યાં નૈતિક રીતે નિર્ણય લેવાતાં નથી. સંતુલન જ સધાય છે. તે નૈતિક રીતે તટસ્થ હોય છે. પારનૈતિક હોય છે. જો રાષ્ટ્રની નિયતિ અને શ્રાપ મેળ ખાય તો રાષ્ટના નાશનું શ્રાપ નિમિત્ત બની જાય છે.

શિષ્ય : જગતમાં બહાઈ ધર્મના અનુસરનારાં એક કરોડ અગ્યાર લાખ અનુયાયીઓ છે એમ બેન જણાવે છે. તે પૈકી યુરોપીયનો જ વીસ લાખ છે. ફ્રાન્સમાં પણ તેવા છે. અમેરિકામાં વેદાંત. થિયોસોફી, બહાઈ ધર્મ તથા અન્ય નવા આધ્યાત્મિક પ્રવાહો બધું જ ચાલે છે. બહાઈ ધર્મ સંસ્કારી મનને અનુરૂપ છે. તેમાં ધાર્મિક માન્યતાઓ ઉપરાંત સહિષ્ણુતા, વિશ્વભ્રાતૃત્વ, સ્ત્રીપુરુષ સમાનતા માન્ય રાખેલ છે. બૌદ્ધ ધર્મનો પણ સમાવેશ કરેલ છે.


## નવા પ્રકાશનો

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના સાહિત્ય ઉપર આધારિત નવા પ્રકાશનો
સંકલનકાર - એ.એસ.દલાલ, અનુવાદ ગીજુભાઈ દવે

૧ **જીવંત વચનો** - પૃ.૧૮૦ - કિં. : ૧૨૦/- (વિણેલા વચનો)

૨ **અંતર્મુખી જીવન** - (દ્વિતીય આવૃત્તિ) પૃ.૧૭૬ - કિં. : ૧૨૦/- (માનસિક સ્વાસ્થ્ય અને વિકાસના યોગિક ઉપચારો)

પ્રાપ્તિ સ્થાન : **પ્લેઝેંટ ગિફ્ટ**
૨૮૯/૧૧ સ્વિટ્ હોમ ફ્લેટસ્, ગાંધીનગર - ૩૮૨૦૨૮
ફોન : ૦૭૯ - ૨૩૨૧૦૬૧ મો. : ૦૯૪૨૬૩ ૬૭૧૬૦

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૩૧

## એકોહમ્ બહુશ્યામ્

સમજૂતી – કમલેશ માંડવિયા

- વૈશ્વિક મનોમય સત્તા..... પ્રાણમય સત્તા.... અન્નમય પ્રકૃતિની સત્તા હોય છે..... એ જ વ્યક્તિગત મન..... પ્રાણ..... અને સ્થૂળ ભૂમિકાઓ બને છે. પૃ.૨૮-૨૮
- અંતરાત્મા તો..... પેલે પારના લોકમાંથી આવે છે..... તે પરાત્પરનો પ્રતિનિધિ બનીને રહે છે. પૃ.૨૯
- પ્રભુનું રૂપ એવું રૂપ છે જે હંમેશા બહુરૂપ બન્યા કરે છે. પૃ.૨૯
- મુક્તિની અવસ્થામાં વ્યક્તિ પોતાની જાતનો સાક્ષાત્કાર એકરૂપ - કે જે અનેક રૂપ પણ છે - આત્મ તરીકે કરે છે..... કેવલાદ્વૈતના મત પ્રમાણેનો ''લયમોક્ષ'' તે આ..... પૃ.૨૯
- .....છતાં પણ અનેક જે એક પોતે જ તેના એક અંશ તરીકે પ્રભુનો દિવ્ય આનંદ પણ લઈ શકે છે, -એ વિશિષ્ટાદ્વૈતની અનુભૂતિ છે. પૃ.૨૯
- માનવ મીમાંસાઓ વડે પ્રભુ કાંઈ મર્યાદિત થતો નથી. પ્રભુ તો પોતાની લીલામાંએ મુક્ત છે અને પોતાના મૂળ સ્વરૂપમાં પણ સદા મુક્ત જ છે. પૃ.૨૯

મૂળભૂત રીતે વ્યક્તિગત ચેતના એ વૈશ્વિક ચેતનાનો જ અંશ છે. વ્યક્તિ એ વિશ્વનો જ એક અવિભાજ્ય અંશ છે. જેમ દાડમનું ફળ એક છે પણ તેના અનેક દાણાઓ હોય છે તેવી જ આ વાત છે. એકમાંથી અનેક બને છે.

વ્યક્તિગત મન, પ્રાણ અને સ્થૂળ શરીર પણ વૈશ્વિક સત્તાઓના જ ભાગ છે અને એક અંશ તરીકે માનવમાં પ્રગટ થાય છે. આ પ્રગટીકરણનો મુખ્ય આધાર તો પરલોકમાંથી આવેલો આત્મા છે. અને તેથી જ મન, પ્રાણ અને ભૌતિક તત્ત્વોથી ઉપર જવાની માનવ ઝંખના - અભીપ્સા રાખે છે. મન, પ્રાણ અને શરીર તો આ વિશ્વાત્માના કરણો છે, માત્ર સાધનો છે. વૈશ્વિક આત્મામાંથી જ માનવમાં અંતરાત્મા ઉતરી આવેલા છે, ચૈત્ય-પુરુષનું મૂળ આ છે.

મૂળ એક જ હોવાથી અને સ્વરૂપો જુદાં જુદાં હોય, તેમાં આવેલો અંશ જુદો જ લાગે છે. વૈદિક કલ્પના છે કે પ્રભુને પોતાને અનેક રૂપે પ્રગટ થવાનો સંકલ્પ સ્ફૂર્યો अेकोहम् बहुश्याम्. હું એક છું મારે અનંતરૂપે પ્રગટ થવું છે. આ જ ઉત્ક્રાંતિનું મૂળ બીજ છે. ક્રમિક ઉત્ક્રાંતિનો પાયો છે.

સાધક સાધના કરતો કરતો પોતાના મૂળ સાથે સંબંધમાં આવે છે અને ધીરે ધીરે તે તેની સાથે એકરૂપતા અનુભવે છે. પોતાની વ્યક્તિગત ચેતના પણ આ વિશ્વાત્મામાં ઓગાળતો જાય છે. ચેતનાની આ લય પામવાની પ્રક્રિયાને કારણે સાધક અનુભવે છે કે તેની ચેતના હવે વૈશ્વિક બની ગઈ છે. તે પોતાની વ્યક્તિગત અધોગામી પ્રકૃતિના બંધનોમાંથી મુક્તિ અનુભવે છે. આ મુક્તિનો અનુભવ તેને એક પ્રકારની નિરાંત અને દુન્યવી જીવનમાં રાહત આપે છે. અને તે ધીરે ધીરે વૈશ્વિક ચેતનામાં જ રહેતો થાય છે. ભૌતિક જીવન પરની પક્કડ છુટવા લાગે છે. આ મુક્તિ ફક્ત કેવળ-બ્રહ્મની હોય છે. પ્રભુના સંકલ્પને સાકાર કરવાની સાધના કરતા કરતા સાધક પ્રભુએ બનાવેલ વિશ્વને જ ભૂલી જાય છે. કોઈવાર તે આ મુક્તિમાં પણ અનેક રૂપો જૂએ છે, પોતાને પ્રભુના અંશ તરીકે એ અનુભવે છે. તે છે વિશિષ્ટાદ્વૈતની મુક્તિ, આમ છતાં પણ તે ભૌતિક જીવનમાં પ્રભુને પ્રગટ કરવાના સંકલ્પને વિસરીને જ જીવન વિતાવતો હોય છે. પોતાના નિજાનંદમાં જ મસ્ત રહે છે. આ અનુભૂતિ વચલી કક્ષાની છે. શ્રી અરવિન્દ ''સાવિત્રી'' કહે છે.

O soul, it is too early to rejoice !
Thou hast reached the boundless silence of the Self,
Thou hast leaped into a glad divine abyss:
(Savitri, Pg. : 318)

પરંતુ માનવના નિયમો અને સિદ્ધાંતોથી પ્રભુ બંધાતો નથી. પોતાના મૂળ સ્વરૂપમાં મુક્ત આવો પ્રભુ તો પોતાની લીલામાં પણ મુક્ત છે. શ્રી કૃષ્ણ સાથે લીલા કરીને પ્રભુનો સંકલ્પ પ્રગટ કરવો કે વૈશ્વિક ચેતનામાં લય પામીને મુક્તિ મેળવી તે દરેક માનવે પોતે નક્કી કરવાનું છે, પ્રભુનો સંકલ્પ આ ધરાતળે પૂર્ણ, સમગ્ર અને દિવ્ય રીતે પ્રગટ કરવો કે વચ્ચે જ વિરામ પામી જવું, પસંદગી આપણે કરવાની છે. આ છે સાધનામય જીવન શરૂ કરવા માટેનો મૂળ સંકલ્પ, અભીપ્સાની જ્યોતનો આદિ અગ્નિ. શ્રી માતાજી કહે છે :

Your will is free, it is deliberatly left free and you have to choose. It is you who decide whether to seek the Light or not, whether tobe the servitor of the Truth or not - it is you. (CWM, Vol. 4 Page - 342)

---

(પૃ.૫૦ ઉપરથી)

## પ્રાસંગિક

માયાળુપણું અને પ્રેમ રાખીએ છીએ. (ગીતા નિ. ૨૪૩ : શ્લોક ૧૮)

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ આ જગતમાં જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે તે સર્વે બ્રહ્મનો આવિર્ભાવ છે. ભક્ત સર્વેને બ્રહ્મનો અંશ તરીકે અનુભવે છે. આ અનુભૂતિ દિવ્યતા ધારણ કરવા અસ્તિત્વ ધરાવે છે. આ અનુભૂતિને સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે.

"..... Upnisad in which one sees, hears, feels, touches. Senses in every way the Brahman and Bhraman only....."
(sri Auribindo)

ॐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

## વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા
# સૂર્ય (આદિત્યાઃ)

પ્રકરણ - ૭

યમરાજાને શત્રુ તરફ જવા ઋષિઓ પ્રાર્થના કરે છે. યમરાજ્ઞો ગચ્છત્વ રિપ્રવાહઃ (ઋ૧૦-૧૬-૯)

યમરાજા નિમ્ન-ચેતનાઓને અંતિમ પરિણામ આપનાર દેવતા છે પણ તે પરિણામ એ રીતે આપે છે જેથી તે વ્યક્તિની ચેતના અનિચ્છાએ પણ ચેતનાના વિકાસ પ્રત્યે ધકેલાય.

યમરાજાના કાર્યો સૂર્યનાં જ કાર્યો પૈકીનાં નિમ્ન કાર્યો છે, એવું વર્ણન જોવા મળે છે.

વૈશ્વિક કિરણોને પોષક-ક્ષમતાથી ભરી દે છે. તેને પુષન્ (સૂર્ય) કહે છે. અથ યદ્રશ્મિપોષં પુષ્યતિ તત્પૂષા ભવતિ (નિ. ૧૨-૧૬) પુષન્રૂપે તે સવિતા (પ્રાણમય સૂર્ય)ની પ્રેરણાથી ગતિ કરે છે અર્થાત્ પ્રાણમય સૂર્યમાંથી નીકળતા વિશ્વકિરણો પોષણ આપનારાં હોવાથી તેમને પુષા અથવા પુષન્ કહે છે. વરવધુના કામ-સંબંધોને પુષા સફળ બનાવે છે અને પ્રસૂતિ પણ સુરક્ષિત કરાવે છે. પુષાને દંત વગરના જણાવ્યા છે. કારણ તેઓ તટસ્થ રીતે બધાને સરખી રીતે પોષણ આપે છે. તેમાં અલગતા રખાતી નથી. દંત બટકા કરીને અલગતા રચે છે. પુષન્ અલગતા રચતા નથી તેથી દંતહીન.

સરસ્વાન્ એટલે પાણીથી ભરેલો. પાણી એટલે પ્રાણમયશક્તિ. તે સૂર્યનું વિશેષણ છે પ્રાણમય સૂર્યને જ 'સવિતા' કહે છે. તેની સર્જનશક્તિ સાવિત્રી છે. ''સરસ્વંત મિતિ પ્રાણો વાચં (બૃહ ૪.૩૯) મનને જ સરસ્વાન્ કહ્યું છે. મનોવૈસરસ્વાન્ (શત બ્રા. ૭-૫-૧-૩૧) સરસ્વાન્ પોષણ આપે છે. તે પુષન્ છે. સરસ્વંતં પુષ્ટિયસિ રયિષ્ઠાન્ (અર્થવ ૭-૪૦-૨)

વિરાટપુરુષની આંખમાંથી સૂર્યની ઉત્પતિ દર્શાવી છે ચક્ષોઃ સૂર્યો અજાયત (યજુ ૩૧-૧૨) તેથી તેમને લોકોના કર્મોનાં સાક્ષી ગણ્યાં છે. સુરાય વિશ્વચ્ચ

ચક્ષસે (ઋ ૧-૫૦-૨).

સૂર્ય બધાંને પોષણ આપીને ટકાવતો હોવાથી તેને જગતનો આત્મા ગણેલ છે. સૂર્ય આત્મા જગતસ્તસ્થુશ્ચ (ઋ-૧-૧૧૫-૧) સૂર્યને 'બધ્ન' કહે છે. કારણ તે બધાંને તેમના કર્મ સાથે બાંધે છે. બધ્ન - સર્વેષાં સ્વસ્ય કર્મષુ તત્ફલેષુ। (ઋ અથર્વ સા.ભા.૭-૨૩-૨) તેને 'વામ' પણ કહે છે. કારણ તે જગતનો પાલક છે. અસ્ય વામસ્ય પલિતસ્ય (અર્થવ ૯-૧૪-૧) સૂર્ય શુદ્ધ અને પ્રકાશમય હોવાથી તેને 'શુક્ર' કહે છે. શુક્રઃ શોચમાનો દીપ્યમાનઃ સૂર્ય (અર્થવ ૬-૫૩-૧) બધાનાં પ્રેરક હોવાથી તે સવિતા કહેવાય છે. સવિતારમ્ અંતર્યામિતયા-સર્વસ્ય પ્રેરકં સૂર્યં (અથર્વ સા.ભા.૬-૧-૧) સૂર્ય દેવોના જનક છે - સૂર્યો વૈ દેવાનાં પ્રસવિતા (શત. બ્રા.૧-૧-૨-૧૭) સવિતાની પુત્રી સાવિત્રી છે. તેને પ્રજાપતિની પુત્રી અને સોમ અથવા અશ્વિનીકુમારની પત્ની પણ કહી છે. પ્રજાપતિ વૈ સોમાય રાજ્ઞ દુહિતરં પ્રાયચ્છત્ સૂર્યા સાવિત્રીમ્. અહિં સૂર્ય દેવોના સર્જક તરીકે પ્રજાપતિ છે અને તેમની પુત્રી સૂર્યા અથવા સાવિત્રી.

આદિત્યનાં આઠ નામ નીચે મુજબનાં છે. ભગશ્ચૈવાર્યમાશ્ચ મિત્રો વરુણ એવ ચ। ધાતા ચૈવ વિધાતા ચ વિવસ્વાંશ્ચ મહાદ્યુતિઃ (બૃહ ૫-૧૪૭) અર્થાત્ ભગ, અર્યમા, અંશુ, મિત્ર, વરુણ, ધાતા, વિધાતા, વિવસ્વાન્ અને મહાદ્યુતિઃ તે સિવાય ભાસ્કર,(દિવાકર) પૂષન્, સવિતા, આદિત્ય ચાર નામ છે. આમ કુલ બાર આદિત્યોના બાર નામ છે. સાયણાચાર્ય પ્રથમ આઠમાંના વિધાતાના બદલે ઈન્દ્ર ઉમેરે છે (ઋ. સા.ભા. ૨-૨૭-૧)

શતપથ બ્રાહ્મણ તથા ઋગ્વેદ બાર આદિત્યોના નામમાં વિધાતા, મહાદ્યુતિ, આદિત્યના બદલે  શક્ર, ત્વષ્ટા અને વિષ્ણુ ઉમેરે છે. આ બધાં મળીને જગતને ધારણ કરી રાખે છે. ધારયંત આદિત્યાસૌ જગતસ્થા (ઋ ૨-૨૭-૪) આદિત્યોને પ્રજાનું શિર ઉત્તમભાગ ગણ્યો છે. અસતાદિત્યઃ શિરઃ પ્રજાનામ્। (તૈતિબ્રા. ૧-૨-૩-૩) આદિત્યનું એક વિશેષણ સંસ્ફાન છે. સંસ્ફાન એટલે પ્રવૃદ્ધ, પ્રદિપ્ત થએલો.

મિત્રને કારણે ભૌતિક જીવન અને માનસિક જીવન સુસંવાદિ બને છે તેથી મિત્રો દાધારઃ પૃથ્વીમુત દ્યામ (કાઠ સં ૨૩.૧૨) હમણા જ પેટાવેલા અગ્નિને મિત્ર કહેવાય છે ત્વમગ્ને વરુણ જાયસે યત્ વં મિત્રે ભવસિ યત્ સમિદ્ધઃ (ઋ ૫-૩-૧) તેજ પ્રમાણે રાત્રીના દેવતાને વરુણ અને સવારના પ્રકાશના દેવતાને મિત્ર કહ્યાં છે, વરુણને સમુબ્જિતાં મિત્રઃ પ્રાપ્તર્વ્યુબ્જતુ (અર્થવ ૯-૩-૧૮).

સારાંશ અવચેતનની રાત્રીની ચેતનાને અથવા તેવા જ નૂતન પ્રગટાવેલ અગ્નિને વરુણ કહે છે. જ્યારે ચેતના અધ્યાત્મ માર્ગે વળે તેવા અરૂણોદયને મિત્ર અથવા સાધનાથી પ્રદિપ્ત ભડકે બળતી પ્રકાશિત ચેતનાના અગ્નિને મિત્ર કહે છે.

વિવસ્વાન્ એ યમરાજાના પિતા ગણેલા છે. પ્રેત કર્મમાં વિવસ્વાન્‌ને બોલાવે છે અર્થાત્ વિવસ્વાન્ સૂક્ષ્મ શરીરમાંની પ્રકાશિત ચેતના છે. મનુ વિવસ્વાન્‌ના છાયારૂપ શરણ્યૂના પુત્ર. શરણ્યૂએ પોતા જેવી જ છાયારૂપ સ્ત્રી ત્યાં રાખેલી અને પોતે ચાલ્યા ગએલા. અગ્નિ વિવસ્વાન્‌ના દૂત છે અર્થાત્ મનોમય ચેતનાનો પ્રકાશ જ શારીરિક ચેતનાના તેજ રૂપે પ્રગટ થાય છે.

સૂર્ય-શક્તિ ગાયત્રી વિશે વેદોમાં નીચેનાં વિધાનો છે. ગાયત્રી એ પરમ-ચેતનાની સ્તૂતિરૂપ કર્મ છે.

ગાયત્રી ગાયતાઃ સ્તુતિકર્મણઃ (નિ.૭-૧૨) ગાયત્રીને અગ્નિ અને પ્રાણ કહ્યાં છે. અગ્નિહિ ગાયત્રી (જૈમિ. બ્રા. ૩-૧૮૪) ગાયત્રી વૈ પ્રાણઃ (શત બ્રા. ૧-૩-૫-૧૫) બધા ભવનો ગાયત્રી છે ઈમે વૈ લોકા ગાયત્રી (તા.મ.બ્રા.૧૫-૧૦-૯) ગાયત્રીને વેદમાતા પણ કહ્યાં છે. સર્વવેદ સારત્વેન માતૃવત્પ્રધાન ભૂતા સાવિત્રી વેદ એવ વા માતા (અર્થવ સા.ભા.૧૯૭૧-૧)

સારાંશ ગાયત્રી પ્રાણશક્તિ રૂપ છે. તેમાંથી જ બધાં લોકો રચાયા છે. તે લોકોમાં તે સ્થિર હોવાથી તેમને ગાયત્રી કહે છે. ગાયત્રી મંત્રમાં આવા વૈશ્વિક પ્રાણની સ્તુતિ છે. સાવિત્રી તે પ્રાણની સર્જન-શક્તિ છે. તે વેદોનો કેન્દ્રિય વિચાર હોવાથી સાવિત્રીને વેદમાતા કહે છે.

રોહિત આદિત્યનો ઉલ્લેખ અથર્વ વેદના ૧૩માં કાંડમાં જણાવેલ છે. લાલ રંગ પ્રગતિ અને સક્રિયતા દર્શક છે. સૂર્યની સર્જક-શક્તિ સાવિત્રી જ્યારે સક્રિય બને છે ત્યારે સૂર્ય લાલ પ્રકાશરંગનો દેખાય છે. તેથી તેને રોહિત આદિત્ય કહે છે. આવા સૂર્યે જ વિશ્વ રચ્યું છે. તેથી અથર્વ વેદ જણાવે છે કે યો રોહિતો - વિશ્વમિદં જજાન..... અર્થવ - ૧૩-૧-૧)

રોહિતો દ્યાવાપૃથિવી જજાન (અર્થવ ૧૩-૧-૬) અર્થવ વેદમાં એક ઠેકાણે રોહિત અશ્વો આદિત્યને લઈને ચાલે છે (અર્થવ ૧૩-૩-૧૭) એવો ઉલ્લેખ છે.

સારાંશ, રક્તકિરણો (Infra-red Cosmic Rays) જ લાલ અશ્વો હોવાની શક્યતા છે. (ક્રમશઃ)

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સાચદિલી

પ્રકરણ - ૪
(પૃ. ૧૧-૧૩)

૧ **શું મનુષ્યનું હૃદય તદ્દન શુદ્ધ અને સાચદિલ હોય તો તેનું સમગ્ર રૂપાંતર થઈને તે અતિમનસ સત્યને પ્રાપ્ત કરી શકે છે.**

હા, સમગ્ર રૂપાંતર માટે યોગ્ય દિશામાં પ્રયત્ન કરે તો.

૨ **યોગમાર્ગમાં પ્રવેશ્યા પછી જો સાધકને જણાય કે પોતાનાં હૃદયમાં સંપૂર્ણ સચ્ચાઈ નથી તો શું તેણે યોગમાર્ગ છોડી દેવો ?**

ના, શરૂઆતથી જ સંપૂર્ણ સચ્ચાઈવાળુ હૃદય ધરાવતી વ્યક્તિ વિરલ જ હોય છે. તેથી તેણે સંપૂર્ણ સચ્ચાઈ મેળવવાનો પ્રયત્ન શરૂ કરવો જોઈએ. પણ જો તેને લાગે કે તેનું હૃદય મૂલતઃ જ બિનસચ્ચાઈવાળુ છે અને તેવું જ રહેવા માગે છે તો તેણે યોગમાર્ગનો ત્યાગ કરવો જોઈએ. યોગમાર્ગમાં બિનસચ્ચાઈ કપરી મુશ્કેલીઓને નોતરે છે.

૩ **સાધકને પોતાની મૂળની બિનસચ્ચાઈ બાબતની જાણ કેવી રીતે થાય ?**

જો તેને પોતામાં પોતે સાધના અહંકારને પોષવા જ કરી રહ્યો છે અને પોતાને પ્રભુ પ્રત્યે જરાપણ આકર્ષણ નથી. આ બે વસ્તુ તેને સ્પષ્ટ દેખાય તો તેને ઘરમૂળની બિનસચ્ચાઈ કહેવામાં આવે છે.

૪ **શું આવી બિનસચ્ચાઈને દૂર કરી શકાતી જ નથી ?**

બિનસચ્ચાઈને દૂર કરી શકાય છે જો તે પોતાની બિનસચ્ચાઈ બાબત

તીવ્ર રીતે સભાન બને, તે તેને દૂર કરવાનો દૃઢ સંકલ્પ કરે અને તે માટે સંનિષ્ઠ પ્રયત્ન કરે, સાચો દૃઢ સંકલ્પ અને તે માટેના સંનિષ્ઠ પ્રયત્નો જ તેની બિનસચ્ચાઈને સચ્ચાઈમાં ફેરવી નાંખશે.

૫ **અંતરની સચ્ચાઈમાં થતો વધારો સાધક કેવી રીતે જાણી શકે ?**

જ્યારે તે પોતાની અંદર અનુભવે કે તે દિવ્યશક્તિઓને જ પ્રતિસાદ આપે છે અને અહંકાર અને કામનાઓને પ્રતિસાદ આપતો નથી. તેમને સંમતિ અને પ્રવેશ આપતો નથી ત્યારે તે સચ્ચાઈનો વિકાસ ગણાય છે.

૬ **ભક્તિભાવ ઓછો હોવા છતાં પોતાની અંતરની સચ્ચાઈના જોરે પોતે ઝડપી વિકાસ કરી શકશે એ ધારણા શું સાચી છે ?**

સચ્ચાઈનો અર્થ અંતરમાં જે છે તેને સ્પષ્ટ રીતે સમજવું અને મૂલવવું એટલો જ અર્થ નથી. પણ પ્રભુ પ્રત્યે સમર્પિત રહેવું એવો છે. કારણ તે ભાવ જ હૃદયમાં રહેલા ચૈત્યપુરુષનો સાચો ભાવ છે. તેથી સચાઈ અને પ્રભુભક્તિ સાથે જ જોવા મળે છે.

૭ **અતિમનસ સત્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી સાધનામાં ટકી રહેવા કયું વલણ અપનાવવું જરૂરી છે ?**

તે માટે બે જ કાયમી સ્વરૂપનાં વલણ જરૂરી છે. (૧) અંતરની સચ્ચાઈ (૨) જગન્માતા પ્રત્યેનું ચૈતસિક ભક્તિભાવપૂર્ણ સમર્પણ.

૮ **શું પોતાની દુર્બળતાઓની પ્રભુ અને લોકો સામે કબૂલાત કરવી એ સચ્ચાઈની નિશાની છે ?**

પ્રભુ પાસે પોતાની દુર્બળતાઓ કબુલ કરી તે નિવારવા પ્રાર્થના કરવી એ સચ્ચાઈનો ભાગ ગણાય પણ લોકો સામે કબૂલાતનો દેખાડો કરવાની જરૂર શી ?

૯ **જે બીજી કોઈ વ્યક્તિનું ખોટું કર્યું હોય તો પણ શું ફક્ત પ્રભુ પાસેની કબૂલાત પુરતી છે ?**

તે વ્યક્તિ સાથેના સંબંધો સદ્‌હેતુથી સુધારવાના સંનિષ્ઠ પ્રયત્નોના ભાગ તરીકે તેમ કરવા વાંધો નથી.

૧૦ **અદિવ્ય શક્તિઓ સાધનામાં ગેરમાર્ગે ન દોરી જાય માટે કઈ કઈ વસ્તુઓથી દૂર રહેવું જરૂરી છે ?**

સાધકોએ અંતરની બિનસચ્ચાઈથી દૂર રહેવું જોઈએ. કારણ બિનસચ્ચાઈ જ અદિવ્ય-શક્તિઓને નોતરે છે.

૧૧ **સાધકોએ શિસ્તનું પાલન ક્યાં સુધી કરવું જોઈએ ?**

તેમને પાયાનો સાક્ષાત્કાર થઈ તે સાક્ષાત્કાર તેમનો કાયમી સ્વભાવ બની જાય ત્યાં લગી.

૧૨ **પાયાનો સાક્ષાત્કાર એટલે શું ? શું જેમણે સમગ્ર સમર્પણ અને સમગ્ર રૂપાંતર સિદ્ધ કર્યું હોય તેને પાયાનો સાક્ષાત્કાર કહેવાય છે ?**

સમગ્ર સમર્પણ અને સંપૂર્ણ રૂપાંતર સિદ્ધ કરનારના સાક્ષાત્કારને 'સંપૂર્ણ સાક્ષાત્કાર' કહેવાય છે. તે કાયમી સ્વરૂપે પ્રભુરૂપ બની જાય છે. પાયાના સાક્ષાત્કારમાં પરમ-ચેતનાના નિષ્ક્રિય પાસાનો અથવા સક્રિય પાસાનો સાક્ષાત્કાર ગણવામાં આવે છે.

૧૩ **'મનના તરંગો' એટલે શું ?**

સત્યની પરવા કર્યા વગર પોતાના અસત્ય વિચારોને પણ આનંદ પ્રાપ્તિ માટે વળગી રહેવું, તેને 'મનના તરંગો' કહે છે.

૧૪ **શું મનના તરંગો અને પ્રાણમય અહંકારમાંથી મુક્ત થએલા ન હોય તેમને આંશિક-શાક્ષાત્કારો પણ શક્ય નથી ?**

ના, તેઓએ પ્રભુને, અર્થાત્ પરમ-સત્યને સમર્પિત થવું જરૂરી છે.

૧૫ **શું મનના તરંગો અને પ્રાણમય અહંકારના ત્યાગથી પાયાના સાક્ષાત્કારો શક્ય છે ?**

ના, પ્રભુને સચ્ચાઈભર્યું સમર્પણ અને ચૈત્યપુરુષનું મન, પ્રાણ, શરીર ઉપરનું નિયંત્રણ અને પ્રકાશમય સંચાલન બન્ને વસ્તુ અનિવાર્ય છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

## પ્રભુનો પ્રેમ (૫૦)

પ્રકરણ - ૩૩
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૯૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**આ એક ચમત્કાર છે કે માણસો પ્રભુને ચાહી શકે છે. પણ માનવ જાતિને ચાહી શકતા નથી. તો પછી એ પ્રેમ કોને કરતા હશે (૫૦)**

બાળક : માતાજી શું માનવ-પ્રેમ પ્રભુ પ્રાપ્તિનું સાધન નથી ?

માતાજી : લોકદયા ને માનવપ્રેમ કહેતા હશો તો તે પ્રભુ - તરફ ઓછો લઈ જશે. તેમાં અહંકારને છૂપું પોષણ મળે છે. તમે પોતાને શ્રેષ્ઠ ગણો છો. અહંકારના રૂપાંતરમાંથી પ્રભુ તરફનો રસ્તો જાય છે.

પણ શ્રી અરવિન્દ અહિં એવા લોકો વિષે વાત કરે છે જે પ્રભુને આ જગત છોડી અન્યત્ર શોધે છે. તેઓ જગતનો ત્યાગ કરે છે અર્થાત્ માનવો ઉપર પ્રેમ નથી કરતા. સન્યાસ માર્ગે આગળ વધે છે. તેઓ પોતાને માનવ જાતિથી અને જગતથી અલગ ગણે છે.

પણ માણસ તો પ્રભુના એક અંગરૂપ છે. તે તેના આવિર્ભાવનો એક અંશ છે. તેથી પ્રભુને ચાહવામાં માનવને પણ ચાહવાનું આવી જ જાય છે. આપણે અલગ કરી શકતાં નથી. માનવ જ નહિં પશુ, પક્ષી, કીટક, જડ પદાર્થો બધાં જ પ્રભુના આવિર્ભાવરૂપ જ છે. બધાંને ચાહવાનાં છે પણ આ ચાહના વસ્તુ કે વ્યક્તિ તરીકે નહિ પણ પ્રભુરૂપે.

સાધનામાં એક તબક્કો હોય છે, જ્યારે માનવ વસ્તુમાત્ર તરફથી તદ્દન વૈરાગ્યશીલ અને નિર્લેપ બની જાય છે. તે પછી ફરી તે નિર્લેપતામાં પ્રભુ સ્વરૂપો બાબતનો પ્રેમ જાગી વસ્તુમાત્રને પ્રભુ તરીકે ચાહવાનો તબક્કો શરૂ થાય છે. વચગાળાના નિર્લેપતાના તબક્કાને અંતિમ તબક્કો ગણવાની ભૂલ કરવાની નથી.

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## ભક્ત

જે પરમ પ્રભુથી વિભક્ત નથી તે ભક્ત. ભક્ત હંમેશા પરમ પ્રભુ સાથે એકરૂપ જ હોય છે. ભક્ત કદિ પણ પ્રભુથી વિભક્ત થઈ દ્વૈત રૂપે અસ્તિત્વ ધરાવતો નથી. જેમ કે નરસિંહ મહેતા, મીરાબાઈ વિગેરે ભક્તો. ભક્ત કેવો હોવો જોઈએ એ સમજવા માટે આપણને ગીતા મદદરૂપ થાય છે.

'યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્ત રાત્મના।

શ્રદ્ધાવાન્ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ॥

(ગીતા : અ : ૬ : શ્લોક - ૪૭)

આ શ્લોક સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે, ''એ સર્વે યોગીઓમાં પણ જે યોગી પોતાનો અંતરાત્મા મને અર્પણ કરીને શ્રદ્ધાવાન થઈને મને ભજે છે તેને હું મારી જોડે સૌથી વધારે યોગમાં યુક્ત થયેલો ગણું છું. (ગીતા નિબંધ ૨૯૧)

શ્રી અરવિન્દ આપણને અહીં સમજાવે છે કે યોગી ભક્ત પરમ પ્રભુ સાથે સંપૂર્ણપણે યુક્ત થઈ શકે છે. પ્રભુ સાથે યુક્ત થવું એટલે પ્રભુ સાથે એકરૂપ થવું. પ્રભુ સાથે એકરૂપ થવું એટલે પ્રભુથી વિભક્ત ન રહેવું. આ શ્લોક મુજબ સાધકે પહેલા યોગી થવું પડે અને ત્યારબાદ યોગીમાંથી ભક્તમાં રૂપાંતર પામવું પડે.

યોગી થવું એટલે પોતાની મનોમય ચેતનામાંથી આરોહણ કરી સાધકે પોતાની ચેતનાને સાધના દ્વારા પરમ ચેતના સુધી લઈ જવી. આ રીતે યોગીની ચેતના મનોમય ચેતનામાંથી ઉત્ક્રાંત થઈ પરમ ચેતનાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. યોગીની ચેતના પરમ ચેતના સાથે એકરૂપ થતી નથી. જ્યારે યોગીની ચેતના

પરમ ચેતના સાથે એકરૂપ થાય છે. ત્યારે યોગી ભક્તમાં રૂપાંતર પામે છે. આ ભક્તની ચેતના ક્યારેય પણ પરમ પ્રભુથી વિભક્ત થતી નથી હંમેશા એકરૂપ રહે છે.

ભક્તનું પ્રભુની ચેતના સાથે એકરૂપ થવું એટલે પ્રભુ જ સર્વસ્વ છે. એટલે કે સમગ્રરૂપે એની શક્તિઓ દ્વારા જીવન વ્યતીત કરવું. આ રીતે ભક્તનો આત્મા વિશુદ્ધ થયેલો હોવાથી તેને સૃષ્ટિનું, કર્મનું અને પ્રકૃતિનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સામાન્ય માનવનું દૃટિબિંદુ આ પ્રકારની સમગ્રતાવાળુ હોતું નથી. એ મન, બુદ્ધિ અને અહંકારના ભેદભાવ આધારિત અજ્ઞાન હોય છે.

માનવે અજ્ઞાનમાંથી મુક્ત થઈ ભક્ત કેવી રીતે થવું તે સમજવા માટે સાધકને ગીતા મદદરૂપ થાય છે.

''મત્કર્મકૃન્મત્પરમો મદ્દભક્ત સડવર્જિત।

નિર્વેર : સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ॥''

(ગીતા : અ : ૧૧ : શ્લોક -૫૫)

યોગેશ્વર કૃષ્ણ અહીં અર્જૂનને જણાવે છે, '' મારા કર્મનો કરનારો થા. મને પરમ પ્રભુ અને લક્ષ્ય તરીકે સ્વીકાર. મારો ભક્ત બન. સર્વે ભૂતો પ્રત્યે આસક્તિ અને વેર વગરનો થા. કારણકે એવો ભક્ત જ મને પ્રાપ્ત કરે છે.''

ગીતા સમજાવે છે તે મુજબ સાધકે પોતાના અહંકારને સંતોષવા માટે કર્મ કરવાના નથી. પરંતુ પોતાના સર્વે કર્મો પ્રભુને સર્મપિત કરીને પ્રભુની સેવારૂપે કરવાના છે. આ રીતે સાધક આ જગતમાં કોઈ પણ અસ્તિત્વ ભૌતિક, પ્રાણિક કે પછી મનોમય ધરાવે છે તેમાંથી આસક્તિ મુક્ત થાય છે. આસક્તિમુક્ત સાધકનું લક્ષ્ય ફક્ત પરમ પ્રભુ રહે છે.

પરમ પ્રભુને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય સિદ્ધ કરવા માનવના જ્ઞાન પ્રાપ્તિના પ્રયત્નો, ઉગ્ર તપસ્યા વિગેરે અધૂરા સાધનો છે. કારણકે સાધક આ બધું પોતાના અહંકાર દ્વારા પ્રેરિત થઈને કાર્ય કરે છે. સાધકે સંપૂર્ણ પણે પોતાનો અહંકાર પરમ પ્રભુના ચરણકમળમાં સમર્પિત કરવાનો છે, અને પરમ ચેતનામાં લય પામી જવાનું છે. સાધકની ચેતના લય પામવાથી સાધક અને પરમ પ્રભુ દ્વૈત રહેતા

નથી. પરંતુ અદ્વૈત બની રહે છે. જે રીતે વર્ષાનું ટીપું પોતાની જાત સમુદ્રને સમર્પિત કરી સમુદ્રમય બની જાય છે અને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રહેવા દેતું નથી. તે રીતે ભક્તનું પણ સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. અને ભક્ત સંપૂર્ણપણે પ્રભુમય બની જાય છે. અને ફક્ત પ્રભુની જ પરમ ચેતના અભિવ્યક્ત કરે છે.

ભક્તની અનુભૂતિ એટલે માનવની સત્તાના મૂળ તત્ત્વમાં ચેતનાની ગાઢ નિકટતામાં અને આનંદના અદ્વૈતમાં પ્રભુ સાથે એકતા, સાયુજ્ય. આ અનુભૂતિ દ્વારા ભક્તનો આત્મા પ્રભુના સનાતન આનંદના ઉદ્રેકની અવસ્થા અનુભવે છે. એટલે કે ભક્તનો આત્મા સાલોક્ય મુક્તિ અનુભવે છે. મુક્ત થયેલા આત્માને પરમાત્મા આશ્લેષમાં લઈ લે છે અને અનંતતામાં આવરી લે છે.

આત્માની પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતનામાંથી મુક્તિ ભક્ત દ્વારા પરમ પ્રભુની શક્તિ ભક્તિરૂપે પ્રગટ થાય છે, અભિવ્યક્ત થાય છે. ભક્તિ એટલે પરમ ચેતનામાં સંપૂર્ણ શ્રદ્ધા, આત્માનો ઉલ્લાસભાવ, આત્માનો આનંદ. ભક્તિ એટલે અપરા કૃતિના ત્રિગુણમાંથી મુક્તિ અને પરાપ્રકૃતિમાં જીવન.

સાધકનો મુક્તાત્મા ચેતનાની કઈ સ્થિતિમાં હોય છે તે સમજવા ગીતા આપણને મદદરૂપ થાય છે.


'વિદ્યા વિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ।

શુનિ ચૈવ સ્વપાકે ચ પણ્ડિતા સમદર્શિનઃ।

(ગીતા : અ : ૫ : શ્લોક - ૧૮)

આ શ્લોક સમજવા શ્રી અરવિન્દ જણાવે છે, ''મુક્ત થયેલા માનવમાં સર્વ વસ્તુઓ સર્વ જીવ પ્રત્યે સમભાવ સ્થપાય છે. આ પ્રકારની સમતા સ્થપાય પછી જ આપણે કર્મોને બ્રહ્મની અંદર તેની વિશ્રાંતિમાં સ્થાપન કરી શકીશું. જ્યારે આપણામાં સંપૂર્ણપણે સમતા સ્થપાય ત્યારે આપણે વિદ્વાન વિનયી બ્રાહ્મણને, ગાયને, હાથીને, શ્વાનને તથા ચંડાલને સમતાથી જોઈ શકીએ છીએ; અને સર્વેને બ્રહ્મ તરીકે જાણીએ છીએ. બ્રહ્મની જેમ સર્વ પ્રત્યે હૃદયમાં સમાનતા,

(પૃ.૪૦ ઉપર)



# શ્રી અરવિંદ

**To stay the wheels of Doom this greatness rose.**
**At the unseen's knock upon the hidden gates**
**Her strength made greater by the lightning's touch**
**Awoke from slumber in her heart's recess.**

Sri Aurobindo (Savitri B-1, C-2, P-20)

## શક્તિનું - સંચરણ

ભાવાનુવાદ

તે કાલચક્રને રોકવા, આ મહાનતા ઊભી થતી,
કોઈ ગુપ્તદ્વારની કળ થકી, મળ્યો સ્પર્શ તેને વીજળીક અતિ,
તેની સુપ્ત શક્તિ ઢંઢોળીને, તે શક્તિ અતુલિત બની,
તમસ-તંદ્રા તોડીને, તેની અંતઃચેતના જાગૃત બની.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

## પંચમ સપ્તર્ષિ - ગૌતમ

અવચેતનની વિશુદ્ધિ, સાધનામાં કહી વિશેષ,
એ ગૌતમે જણાવ્યું, અવચેતને પ્રકાશ-પ્રવેશ.

તેથી ઉભરા અવચેતન તણાં, મનમાં છાયે અવસાદ,
પણ આ વિશુદ્ધિ પ્રક્રિયા ગણી, ગૌતમે અવચેતનની ખાસ.

તે દરમિયાન શાંતિ સમતા ધરો, ખાલી કરો અવચેતન,
પૂર્વજન્મના સંસ્કારો તણો, ભરાવો ઘટે ક્ષણ ક્ષણ.

ચેતના દબાણ-મુક્ત બને, વિશાલ ને પ્રશાંત,
સાધના માર્ગે એકાગ્ર બને, અવરોધોનો વિનાશ.

અવચેતન અહલ્યા ગણી, વણખેડી-ભૂમિકા અપાર,
જડ, વિરોધી વિકાસ તણી, એ તેની વૃત્તિ ધાર.

આત્મારામ તેને જો મળે, તો બને તે શાપમુક્ત,
સભાન મનનો ભાગ બને, ને સાધને બને નિયુક્ત.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત